પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૭૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૩-૦૩-૨૦૨૪ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આ ગુનામાં માત્ર લાંચ તરીકે મળેલા ૧૦૦ કરોડ રૂપિયા જ નહીં, પરંતુ લાંચ આપનારાઓને મળેલા લાભો પણ સામેલ છે. જે ૬૦૦ કરોડથી વધુ હતા.

## દારૂ કૌભાંડનો આરોપી વિજય નાયર કેજરીવાલ માટે કામ કરતો હતો. નાયર ખરેખર કેજરીવાલના ઘરની નજીક રહેતો હતો,ઈડી

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની શરાબ કૌભાંડમાં ઈડીએ ગઈરાતે ધરપકડ કરી હતી અને આજે કોર્ટમાં રજુ કર્યા હતાં રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી શરૂ થતાની સાથે જ ઈડીએ કેજરીવાલની ધરપકડના કારણોને સમજાવતા કોર્ટમાં ૨૮ પાનાની દલીલો રજૂ કરી હતી. ઈડીના વકીલ એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ કોર્ટને જણાવ્યું કે આરોપી (કેજરીવાલ)ની ગુરુવારે રાત્રે ૯.૦૫ વાગ્યે ધરપકડ કરવામાં આવી હતી. તેમને ૨૪ કલાકની અંદર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે. અમે તમામ જોગવાઈઓનું પાલન કર્યું છે. આ અંગે તેમના પરિવારને પણ જાણ કરવામાં આવી હતી. ઈડીએ કેજરીવાલની ધરપકડ અને તેમના ઘરે દરોડાની ફાઈલ પણ કોર્ટને બતાવી.ઈડીએ કહ્યું કે, રોકડ



બે વખત ટ્રાન્સફર કરવામાં આવી હતી. દારૂ કૌભાંડનો આરોપી વિજય નાયર કેજરીવાલ માટે કામ કરતો હતો. નાયર ખરેખર કેજરીવાલના ઘરની નજીક રહેતો હતો. તેઓ કેજરીવાલની નજીક હતા. તે ખરેખર વચેટિયા તરીકે કામ કરતો હતો. કેજરીવાલે દક્ષિણ લોબી પાસેથી લાંચ માંગી હતી. અમારી પાસે તેમની સામે લાંચ માંગવાના મજબૂત પુરાવા છે. ઈડીએ કોર્ટને જણાવ્યું કે, દારૂ કૌભાંડની આરોપી કવિતાનું નિવેદન પણ લેવામાં આવ્યું છે. નોંધાયેલા નિવેદનો અનુસાર કેજરીવાલ કવિતાને મળ્યા અને તેમને કહ્યું કે, તેઓએ દિલ્હીની દારૂની નીતિ પર સાથે મળીને કામ કરવું જોઈએ.ઈડીએ કોર્ટમાં દાવો કર્યો હતો કે, કેજરીવાલે લાભ આપવાના બદલામાં સાઉથ ગ્રુપ પાસેથી લાંચ માંગી હતી. એએસજીએ પોતાની દલીલને મજબૂત કરવા માટે કેટલાક નિવેદનો પણ ટાંક્યા. એએસજીએ કહ્યું કે લાંચના બદલામાં સાઉથ ગ્રુપને દિલ્હીમાં દારૂના ધંધા પર નિયંત્રણ આપવામાં આવ્યું હતું.એએસજીએ કહ્યું, 'હું અપરાધની પ્રક્રિયામાં તેમની ભૂમિકા સમજાવીશ. આ ગુનામાં માત્ર લાંચ તરીકે મળેલા ૧૦૦ કરોડ રૂપિયા જ નહીં, પરંતુ લાંચ આપનારાઓને મળેલા લાભો પણ સામેલ છે. જે ૬૦૦ કરોડથી વધુ હતા. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે,તમામ વિક્રેતાઓને અમુક અંશે રોકડમાં ચૂકવણી કરવામાં આવી હતી. એએસજીએ કોર્ટ સમક્ષ કેટલીક ચેટ પણ રજૂ કરી હતી.કવિતાએ આપના મોટા નેતાઓને લાંચ આપી હતી. કવિતાએ આમ આદમી પાર્ટીને ૧૦૦ કરોડ રૂપિયા આપ્યા. લાંચની રકમ રોકડમાં આપવામાં આવી હતી. ઈદ્વએ કહ્યું કે, કેજરીવાલને માત્ર તેમના કાર્યો માટે જ નહીં પરંતુ તેમના સહયોગીઓએ જે કર્યું તેના માટે પણ તેમને જવાબદાર ઠેરવવા જોઈએ.રાઉઝ એવન્યુ કોર્ટમાં દારૂ કૌભાંડ કેસની સુનાવણી દરમિયાન ઈડીએ કેજરીવાલ વિશે ઘણા દાવા કર્યા છે. ઈડીએ બે લોકો વચ્ચેની ચેટને ટાંકી હતી, જેમાં રોકડની ચર્ચા થઈ રહી હતી. ઈડીએ કહ્યું કે હવાલા દ્વારા ૪૫ કરોડ રૂપિયા ગોવામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. વિવિધ લોકોને મોટી રકમ આપવામાં આવી હતી. અમે આ લોકોની સીડીઆર વિગતો મેળવી છે. અમારી પાસે તેમનો ફોન રેકોર્ડ પણ છે. વિજય નાયરની એક કંપની પાસેથી પણ પુરાવા મળ્યા છે. આ પૈસા ચાર માર્ગો દ્વારા ગોવામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી દરમિયાન ઈડીએ કોર્ટને જણાવ્યું કે અરવિંદ કેજરીવાલ દિલ્હી દારૂ કૌભાંડના કિંગપિન છે. ઈડીએ કહ્યું કે કેજરીવાલ દિલ્હી લિકર પોલિસીની રચનામાં સીધા સામેલ હતા. કેજરીવાલે લાંચ લેવામાં અમુક લોકોની તરફેણ કરી હતી. ગુનામાંથી મળેલી રકમનો ઉપયોગ આમ આદમી પાર્ટીની ગોવાની ચૂંટણી માટે ભંડોળ માટે કરવામાં આવ્યો હતો.ખરેખર, ઈડી શરત રેડ્ડી, સમીર મહેન્દ્રુ, રાઘવ રેડ્ડીના નિવેદનના આધારે કેજરીવાલની કસ્ટડીની માંગ કરી હતી. આ તમામ આરોપીઓએ ઈડીને જણાવ્યું હતું કે, ૧૦૦ કરોડની લાંચમાં કેજરીવાલની ભૂમિકા હતી. ઈડીનું કહેવું છે કે, તેણે કેજરીવાલ અને સમીર મહેન્દ્રુ વચ્ચેની ફોન વાતચીતનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં કેજરીવાલે કહ્યું હતું કે વિજય નાયર મારા માણસ છે. તમે તેના પર વિશ્વાસ કરી શકો છો.આ બધાની વચ્ચે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી છે. આ અરજીમાં તેણે ઈડી દ્વારા કરાયેલી ધરપકડનો વિરોધ કર્યો હતો. કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કોર્ટને કહ્યું હતું કે, હકીકતમાં કેજરીવાલના રિમાન્ડ અને સુપ્રીમ કોર્ટમાં તેમની અરજી એકબીજા સાથે સંઘર્ષમાં છે. તેથી અમે પિટિશન પાછી ખેંચી લેવાનું નક્કી કર્યું છે. આ પહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દિલ્હી લિકર પોલિસી કેસના સંબંધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા અરવિંદ કેજરીવાલની ધરપકડ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં તેમની અરજી રજૂ કરી હતી. તેમણે આ અરજી ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ સમક્ષ મૂકી હતી. તેના પર સીજેઆઈએ અરવિંદ કેજરીવાલની અરજી આજે જ જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી બેંચ સમક્ષ સુનાવણી માટે મોકલી હતી. વાસ્તવમાં ઈડીની ચાર્જશીટ મુજબ દારૂ કૌભાંડને લઈને પ્રથમ આરોપ એ છે કે, અરવિંદ કેજરીવાલે દારૂ કૌભાંડના એક આરોપી સાથે ફોન પર વાત કરી અને કહ્યું - વિજય નાયર મારો માણસ છે, મારા પર વિશ્વાસ કરો. ચાર્જશીટ મુજબ બીજો આરોપ છે કે નવી દારૂની નીતિ હેઠળ કેજરીવાલ આંધ્ર પ્રદેશના એક સાંસદને મળ્યા અને તેમને બિઝનેસ કરવા માટે આમંત્રણ આપ્યું. સાંસદ સાથે જોડાયેલા લોકોએ ધંધો પણ કર્યો. ત્રીજો આરોપ છે કે, નવી દારૂની નીતિ કેવી રીતે બનાવવી જોઈએ તે અંગેની બેઠકમાં સિસોદિયા અને અધિકારીઓ કેજરીવાલની સામે હાજર હતા.કેજરીવાલ નવી દારૂની નીતિમાં થયેલા ફેરફારોથી વાકેફ હતા. ચોથો આરોપ છે કે કવિતાએ અન્યો સાથે મળીને અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા સહિત આમ આદમી પાર્ટીના ટોચના નેતાઓ સાથે મળીને દિલ્હીની દારૂની નીતિમાં લાભ મેળવવા માટે કાવતરું ઘડ્યું હતું. ઈદ્વ અનુસાર, નવી દારૂની નીતિના ફાયદાના બદલામાં, ૧૦૦ કરોડ રૂપિયા આમ આદમી પાર્ટીના નેતાઓને પહોંચાડવામાં આવ્યા હતા. પરિણામ એ આવ્યું છે કે અરવિંદ કેજરીવાલ ચોથા નેતા છે જેમની દિલ્હીના દારૂ કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી છે. કેજરીવાલ પહેલા આ મહિને ઈડીએ તેલંગાણાના પૂર્વ સીએમ કેસીઆરની પુત્રી કવિતાની ધરપકડ કરી હતી. તે પહેલા ગયા વર્ષે સંજય સિંહ અને મનીષ સિસોદિયાની ધરપકડ કરવામાં આવી હતી.

## ચિત્રદુર્ગમાં ૨૧મી સદીના ભારતનું 'પુષ્પક વિમાન' સફળ પરીક્ષણ થયું



ચિત્રદુર્ગ,

તમે રામાયણમાં પુષ્પક વિમાન વિશે સાંભળ્યું જ હશે. ત્રેતાયુગમાં લંકાપતિ રાવણનો વધ કર્યા પછી, ભગવાન શ્રી રામ માતા સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે પુષ્પક વિમાનમાં અયોધ્યા પાછા ફર્યા હતા. હવે પુષ્પક વિમાન ૨૧મી સદીમાં ફરી આકાશમાં ઉડવા માટે તૈયાર છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન એટલે કે ઈસરોનું સ્વદેશી સ્પેસ શટલ પુષ્પક શુક્રવારે સવારે ૭ વાગ્યે કર્ણાટકના ડિફેન્સ એરસ્પેસ પર લોન્ચ કરવામાં આવ્યું. આકર્ષક બોડી અને એસયુવી આકારવાળા પાંખવાળા રોકેટને 'પુષ્પક વિમાન' નામ આપવામાં આવ્યું છે. તેને ઈન્ફ એટલે કે ફરીથી વાપરી શકાય તેવા લોન્ચ વ્હીકલથી લોન્ચ કરવામાં આવ્યું.ત્રેતાયુગ પછી ફરી એકવાર હવે ૨૧મી સદીમાં પુષ્પક વિમાનની ચર્ચાઓ થઈ રહીં છે. અત્યારે આ ચર્ચા ખુબ જ થઈ રહીં છે કારણ કે, ભારતે એક મોટી સફળતા હાંસલ કરી છે. ખરેખર,ઈસરોએ આજે પુષ્પક વિમાન (આરએલવી ટીડી) સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો લોન્ચિંગ બાદ વિમાનનું સફળ લૈંડિન્ડ પણ કરવામાં આવ્યું. મળતી વિગતો પ્રમાણે ઈસરોએ આજે સવારે ૭ વાગ્યે કર્ણાટકના ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ ખાતે આયોજિત આ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. ઈન્ફ એલએક્સ-૦૨ લેન્ડિંગ પ્રયોગ દ્વારા રિયુઝેબલ લોન્ચ વ્હીકલ (ઈન્ફ) ટેક્નોલોજીના ક્ષેત્રમાં એક મોટી સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે.ભારતમાં માટે આ ગર્વની વાત છે કે, પુષ્પક વિમાનનું પરીક્ષણ સફળ રહ્યું છે. પુષ્પક વિમાનની વાત કરવામાં આવે તો ઈસરોએ કર્ણાટકના ચિત્રદુર્ગમાં તેનું પરીક્ષણ કર્યું હતું. આ સાથે સાથે ઈન્ફ 'પુષ્પક'નો બીજો લેન્ડિંગ ટેસ્ટ પણ સફળ રહ્યો હતો. આ ઈસરો ડીઆરડીઓ અને આઈએએફની સંયુક્ત સફળતા છે. હવે આ વિમાન દુશ્મન દેશના સેટેલાઈટની જાસૂસી કરી શકે છે. ભારતનું ઐતિહાસિક 'પુષ્પક' વિમાન લોન્ચ કરી દેવામાં આવ્યું છે.વિગતે વાત કરીએ તો 'પુષ્પક' વિમાન રીયુઝેબલ લોન્ચ વ્હીકલ છે. આ પુષ્પક વિમાન અંતરિક્ષમાં સેટેલાઈટ, કાર્ગો લઈ જવા ઉપયોગી રહેશે. પુષ્પક વિમાન ૬.૫ મીટર લંબાઈ, ૧.૭૫ ટન વજન ધરાવે છે. આ સાથે પુષ્પક'ને સ્વદેશી અંતરિક્ષ શટલ પણ કહેવાય છે. મળતી જાણકારી પ્રમાણે એક દશકથી'પુષ્પક'નું નિર્માણ કાર્ય ચાલતું હતું. ભૂતકાળની વાત કરીએ તો, ૨૦૧૬માં પ્રથમવાર સફળ ઉડાન ભરી હતી. ત્યાર બાદ ૨ એપ્રિલ ૨૦૨૩માં ચિત્રદુર્ગથી બીજી ઉડાન ભરી હતીં. ભારત હવે અંતરિક્ષમાં પોતાની ક્ષમતા વધારી રહ્યું છે. જેથી અંતરિક્ષમાં પહોંચવાનો ભારતનો આ સાહસિક પ્રયાસ છે.ખાસ કરીને વાત કરવામાં આવે તો અંતરિક્ષમાં કાટમાળ ઓછો કરવામાં પુષ્પક વિમાન મદદરૂપ થશે. ૨૦૩૫ સુધી અંતરિક્ષમાં સ્ટેશન બનાવવાનું ભારતનું લક્ષ્ય છે. મહત્વની વાત તો છે કે, 'પુષ્પક'ને ફરીથી ઉપયોગમાં લઈ શકાય છે. જેથી હવે ભારત અવકાશમાં જઈ આવ્યા પછી પણ તેનો ફરી ઉપયોગ કરી શકશે. જે ભારતની વૈજ્ઞાનિક કુશળતાની નિશાની છે.

## શિકાગોથી રામ મંદિર રથયાત્રા શરૂ થશે, ૬૦ દિવસમાં ૪૮ રાજ્યોના ૮૫૧ મંદિરોના દર્શન થશે

નવીદલ્હી,

અમેરિકાના શિકાગોથી રામ મંદિર રથયાત્રા શરૂ થશે. આ યાત્રા આગામી ૬૦ દિવસમાં આઠ હજાર માઈલથી વધુનું અંતર કાપશે અને ૪૮ રાજ્યોમાં ૮૫૧ મંદિરોની મુલાકાત લેશે. રથયાત્રાનું આયોજન કરનાર વિશ્વ હિન્દુ પરિષદના અમેરિકાના મહાસચિવ અમિતાભ મિત્તલે જણાવ્યું કે ટોયોટા સિએના વાન પર બનેલા રથમાં ભગવાન રામ, દેવી સીતા, લક્ષ્મણ અને હનુમાનની મૂર્તિઓ હશે. અયોધ્યાના રામ મંદિરમાંથી વિશેષ પ્રસાદ અને પવિત્ર અક્ષતનો કલશ તેમની સાથે લઈ જવામાં આવશે.રથયાત્રા ૨૫ માર્ચે અમેરિકાના શિકાગોથી શરૂ થશે અને લગભગ આઠ હજાર માઈલનું અંતર કાપશે. યાત્રા દરમિયાન અમેરિકાના ૮૫૧ મંદિરો અને કેનેડાના ૧૫૦ મંદિરોના દર્શન કરવામાં આવશે. કેનેડામાં યોજાનારી રથયાત્રાનું આયોજન કેનેડાની વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કરવામાં આવ્યું છે.હિન્દુ ટેમ્પલ એમ્પાવરમેન્ટ કાઉન્સિલના તેજલ શાહે જણાવ્યું હતું કે, "આ રથયાત્રાનો ઉદ્દેશ્ય લોકોને હિંદુ ધર્મ વિશે જાગૃત, શિક્ષિત અને સશક્તિકરણ કરવાનો છે. આ યાત્રા તમામ હિન્દુઓને એક થવાની તક આપી રહી છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "આપણા અને આપણી ભાવિ પેઢીઓ માટે જાગૃતિ લાવવા અને સમગ્ર વિશ્વમાં હિંદુ ધર્મનો ફેલાવો કરવાના અભિયાનમાં એક થવું ખૂબ જ મહત્વપૂર્ણ છે."વિશ્વ હિન્દુ પરિષદ ઓફ અમેરિકાના મહાસચિવ અમિતાભ મિત્તલે કહ્યું કે વીએચપીએ દ્વારા આ યાત્રાના આયોજન અને આયોજનમાં મદદ કરવા માટે ઘણા લોકો આગળ આવ્યા છે. અમેરિકામાં પહેલીવાર હિન્દુ સમુદાય દ્વારા આવી યાત્રાનુંઆયોજન કરવામાંઆવ્યુંછે. ૨૩મી એપ્રિલે હનુમાન જયંતિના દિવસે આ યાત્રાનું સમાપન થવા જઈ રહ્યુંછે. રથયાત્રા દરમિયાન માત્ર મોટા મંદિરો જ નહીં પરંતુ નાના મંદિરોના પણ દર્શન કરવામાંઆવશે. તેજલ શાહે જણાવ્યું કે અમેરિકાના લગભગ તમામ મંદિરોની મુલાકાત લેવાશે. તેમણે કહ્યુંકે અમે આ પ્રવાસમાં ભાગ લેનારાઓની પ્રશંસા કરીએ છીએ.

## સીંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં ૧૦૦ રૂપિયાનો વધારો

અમદાવાદ,

અમદાવાદમાં ફરીથી સીંગતેલ અને કપાસિયા તેલના ભાવે માઝા મૂકી છે. બંને તેલના ભાવમાં ડબ્બે ૧૦૦ રૂપિયાનો વધારો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. જો કે સીંગતેલનો ભાવ તો એક સમયે ડબ્બે ૩૨૦૦ રૂપિયાને આંબી ગયો હતો અને તેના પછી ઘટ્યો હતો.

હાલમાં સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૮૪૦ને પાર ગયો છે. જ્યારે કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૧,૭૪૦ પર પહોંચ્યો છે. આમ સીંગતેલના ભાવે ફરીથી પાછી ડબ્બે ત્રણ હજાર તરફ તો કપાસિયા તેલના ડબ્બાના ભાવે ડબ્બે ૧,૭૪૦ તરફ દોટ લગાવી છે.જો કે સીંગતેલના ભાવવધારાથી લોકોને આશ્ચર્ય એ વાતનું થયું છે કે ચૂંટણી આવે ત્યારે બધાના ભાવ ઘટતા હોય છે તો સીંગતેલના ભાવ કઈ રીતે ઘટ્યા. પેટ્રોલ જેવા પેટ્રોલ અને ડીઝલ જેવા ડીઝલના ભાવમાં ઘટાડો થયો છે ત્યારે આ વખતે આ ભાવવધારાએ આશ્ચર્ય સર્જ્યુ છે. તેમને લાગી રહ્યુ છે કે સત્તાવાળાઓને સત્તાને મદ ચઢી ગયો છે. તેમને ચૂંટણીમાં તેમનો વિજય નિશ્ચિત લાગી રહ્યો છે. લોકોને લાગી રહ્યુ છે કે આ તો એક હાથ લે અને બીજા હાથે દે જેવી સ્થિતિ છે. પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટ્યા તો સામે સીંગતેલના ભાવ વધ્યા. હવે પેટ્રોલ-ડીઝલ વગર ચાલવાનું જ નથી. આ જ રીતે ગુજરાતીઓને સીંગતેલ વગર ચાલવાનું જ નથી. તેથી મોંઘવારીનો આ માર સહન કર્યે જ છૂટકો. તેમા પણ ખાસ કરીને એક જ પગાર પર નભતા લોકોની સ્થિતિ વધુને વધુ કફોડી થાય છે.

## બાબાએ નાગપુરથી નિતિન ગડકરીના પૂરક ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી





નાગપુર,

લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થઈ ગઈ છે. આ દરમિયાન નાગપુરમાં એક રસપ્રદ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જે ચર્ચામાં છે. નાગપુર લોકસભા માટે અત્યાર સુધીમાં એક ઉમેદવારી નોંધાવવામાં આવી છે અને તે ઉમેદવાર વેંકટેશ્વર મહાસ્વામી છે. વેંકટેશ્વરે પોતાને નીતિન ગડકરીના પૂરક ઉમેદવાર ગણાવતા ઉમેદવારી નોંધાવી છે. મહારાજ કહે છે કે તેઓ નીતિન ગડકરીના પ્રશંસક છે. તે મૂળ કર્ણાટકનો છે અને હાલ મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં રહે છે.

વેંકટેશ્વરે કહ્યું કે તેઓ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના સમર્થક અને પ્રશંસક છે. તેઓ ક્યારેય નીતિન ગડકરીને મળ્યા નથી, ન તો તેઓ ભાજપના કોઈ નેતાને મળ્યા છે. તેમણે ભાજપ સાથે કોઈપણ પ્રકારના જોડાણનો પણ ઈન્કાર કર્યો છે. વેંકટેશ્વર સ્વામીનું સાચું નામ દીપક ગંગારામ કોટકધોંડા છે અને તેઓ અત્યાર સુધીમાં ૫૨ ચૂંટણી લડી ચૂક્યા છે. તેમનું કહેવું છે કે તેઓ મ્યુનિસિપલ કાઉન્સિલથી લઈને લોકસભા અને રાજ્યસભા સુધીની તમામ ચૂંટણી લડ્યા છે. હવે તેમણે નાગપુરથી પૂરક ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે, પરંતુ તેઓ સોલાપુરથી ચૂંટણી લડશે. તેમનું કહેવું છે કે તેઓ નીતિન ગડકરીના કામથી પ્રભાવિત છે, તેથી તેઓ તેમની સામે ચૂંટણી નહીં લડે પરંતુ પૂરક ઉમેદવાર તરીકે ચૂંટણીમાં ગડકરીને વોટ આપવાનું આહ્વાન કરશે.

મહારાષ્ટ્ર ભાજપના ઉપાધ્યક્ષ અને નીતિન ગડકરીના ચૂંટણી પ્રભારી સંજય ભેંડેએ કહ્યું કે વેંકટેશ્વર સાથે ભાજપનો કોઈ સંબંધ નથી. ભાજપમાંથી કોઈએ તેમને પૂરક ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવવાનું કહ્યું નથી. તેમણે કહ્યું કે, ભાજપમાં આ પદ્ધતિની કોઈ પરંપરા નથી. ઉમેદવારી નોંધાવતી વખતે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના પૂરક ઉમેદવાર તરીકે પોતાને જાહેર કરવી અયોગ્ય છે. સાથે જ વેંકટેશ્વર સ્વામી મહારાજ કહે છે કે નીતિન ગડકરીએ આખા ભારતમાં સારું કામ કર્યું છે, તેમણે રસ્તાઓ માટે સારું કામ કર્યું છે. સાથે જ પશુ-પક્ષીઓને પાણી મળી રહે તે માટે રસ્તાના કિનારે તળાવો બનાવવામાં આવ્યા છે. જ્યારે પૂછવામાં આવ્યું કે આટલા પૈસા ક્યાંથી આવે છે, તો મહારાજ કહે છે કે લોકો તેમને નોમિનેશન માટે પૈસા આપે છે. અત્યાર સુધીમાં તેઓ ૫૨ ચૂંટણી લડી ચૂક્યા છે. વિધાનસભા હોય, લોકસભા હોય કે રાજ્યસભા હોય.

### સુપૌલ અને મધુબની જિલ્લાઓને જોડતા

## કોસી નદી પરના દેશના સૌથી લાંબા પુલનો મોટો ભાગ તૂટી પડ્યો,એક મજુરનું મૃત્યુ



પટણા,

સુપૌલ અને મધુબની જિલ્લાઓને જોડતા કોસી નદી પરના દેશના સૌથી લાંબા પુલનો મોટો ભાગ (ગર્ડર) તૂટી પડ્યો. તેમાં દટાઈ જતાં એક મજૂરનું મોત થયું હતું. નવથી વધુ મજૂરો ઘાયલ થયા છે. ત્રણથી ચાર મજૂરો પણ ગર્ડર નીચે દટાયા છે. બિહારમાં પુલ દુર્ઘટના બાદ ફરી એકવાર વિપક્ષ અને જનતા પુલની ગુણવત્તા પર સવાલો ઉઠાવી રહી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે અમે બ્રિજ કન્સ્ટ્રક્શન કંપનીના એન્જિનિયરને અનેકવાર કહ્યું કે ગુણવત્તા સારી નથી. પરંતુ, બંનેમાંથી કોઈએ સાંભળ્યું નહીં. પરિણામ આજે સૌની સામે છે. સુપૌલના જિલ્લા મેજિસ્ટ્રેટે કહ્યું છે કે મામલાની તપાસ કરવામાં આવશે. સદર એસડીએમ ઈન્દ્રવીર કુમારે જણાવ્યું કે ક્રેન મધુબનીથી આવી રહી છે. ગાર્ડ હટાવ્યા બાદ જ બધું સ્પષ્ટ થશે.કેન્દ્ર સરકારના મહત્વના ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ દેશનો સૌથી લાંબો પુલ બનાવવામાં આવી રહ્યો છે. તેનું નિર્માણ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા ૧૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવી રહ્યું છે. તેની લંબાઈ ૧૦.૨ કિલોમીટરથી વધુ છે. એપ્રોચ રોડ સહિત બ્રિજની કુલ લંબાઈ ૧૩.૩ કિલોમીટર હશે. ટ્રાન્સ રેલ કંપની પુલ બનાવવાનું કામ કરાવી રહી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે દુર્ઘટના બાદ કંપનીના અધિકારીઓ અને એન્જિનિયર ઘટનાસ્થળે આવ્યા ન હતા. લોકોનું એમ પણ કહેવું છે કે બ્રિજનું નિર્માણ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થવાનું હતું, પરંતુ કોરોના અને પૂરના કારણે બ્રિજ બનાવવાનો સમય વધી ગયો.પુલ દુર્ઘટના બાદ પૂર્વ કેન્દ્રીય મંત્રી સૈયદ શાહનવાઝ હુસૈને કહ્યું કે સુપૌલમાં કોસી નદી પર પુલનો એક ભાગ પડી જવાને કારણે જે દુર્ઘટના થઈ છે તે ખૂબ જ દુઃખદ અને પીડાદાયક છે. હું પ્રાર્થના કરું છું કે દુર્ઘટનાથી પ્રભાવિત લોકો સુરક્ષિત રહે અને બચાવ ટીમ તેમને સુરક્ષિત રીતે બચાવવામાં સફળ રહે.

અગાઉ, ૫ જૂન, ૨૦૨૩ ના રોજ, એટલે કે ગયા વર્ષે, ભાગલપુરમાં સુલતાનગંજ-અગુવાની ગંગા નદી પર નિર્માણાધીન ચાર-માર્ગીય પુલ ફરી એકવાર જમીન પર ધસી ગયો હતો. નિર્માણાધીન બ્રિજનું સુપર સ્ટ્રક્ચર નદીમાં પડી ગયું હતું. બ્રિજ પર ફરજ બજાવતા બે ગાર્ડ પણ અકસ્માત બાદ ગુમ થયા હતા. અગુઆની બાજુના પુલના પિયર નંબર ૧૦,૧૧,૧૨ ઉપરનું સમગ્ર સુપર સ્ટ્રક્ચર ધરાશાયી થયું હતું, જે લગભગ ૨૦૦ મીટરનો ભાગ હશે. આ મહાસેતુ એસપી સિંગલાની કંપની દ્વારા બનાવવામાં આવી રહી છે. ભાગલપુર જિલ્લાના સુલતાનગંજમાં બનેલો આ પુલ ખગરિયા અને ભાગલપુર જિલ્લાને જોડવા માટે બનાવવામાં આવી રહ્યો હતો.

### અમેરિકાથી લઈને ઈટાલી અને સ્પેન સુધી લોકો આ દિવસે રંગોથી નહીં પણ ટામેટાં, નારંગી અને માટીથી હોળી રમે છે.

## માત્ર ભારતમાં જ નહીં પરંતુ અમેરિકા સહિત ઘણા દેશોમાં હોળી રમવામાં આવે છે



રંગોનો તહેવાર હોળી ફાગણમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. હોળીના દિવસે, તમે દરેક શહેરમાં રંગો, અબીર અને ગુલાલથી રંગાયેલા ચહેરા જોશો. હોળી પર, લોકો એકબીજાને રંગો લગાવે છે અને મીઠાઈઓ ચઢાવ્યા પછી એકબીજાને ગળે લગાડે છે. ભારતમાં હોળીની ઉજવણી એવી છે કે વિદેશી પ્રવાસીઓ પણ હોળી રમવા અને જોવા માટે મોટી સંખ્યામાં મથુરા-વૃંદાવન આવે છે. જો કે, ભારત સિવાય ઘણા દેશોમાં પણ હોળી રમવામાં આવે છે. અમેરિકાથી લઈને ઈટાલી અને સ્પેન સુધી લોકો આ દિવસે રંગોથી નહીં પણ ટામેટાં, નારંગી અને માટીથી હોળી રમે છે. જાણો કયા દેશોમાં હોળી રમવામાં આવે છે અને શેની સાથે રમાય છે?અમેરિકામાં પણ હોળીનો તહેવાર ઉજવવામાં આવે છે. લોકો તેને 'ફેસ્ટિવલ ઓફ કલર્સ'ના નામથી એન્જોય કરે છે. આ દરમિયાન લોકો એકબીજા પર રંગબેરંગી પાઉડર અને રંગો ફેંકે છે. લોકો જોરશોરથી નૃત્ય કરે છે અને કેટલીક જગ્યાએ કાદવ ઉત્સવનું પણ આયોજન કરવામાં આવે છે. બાળકોની સાથે મોટાઓ પણ આ તહેવારનો આનંદ માણે છે.દક્ષિણ આફ્રિકામાં હોળીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. અહીં હોળી પ્રગટાવવામાં આવે છે અને એકબીજા પર રંગો પણ લગાવવામાં આવે છે. આફ્રિકામાં રહેતા ભારતીયો આ તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. અહીં ગુજરાતી સમુદાયના લોકો હોળી ઉજવે છે.ઈટાલીમાં પણ હોળીની જેમ ઉજવણી કરવામાં આવે છે. આ તહેવાર સંતરા પરના યુદ્ધ પછી શરૂ થયો હતો. આ યુદ્ધ પોર્ટુગલ, ફ્રાન્સ અને સ્પેન વચ્ચે થયું હતું. ત્યારથી, અહીં એકબીજા પર નારંગી ફેંકીને આનંદના તહેવાર તરીકે હોળી રમવામાં આવે છે. લોકો બે જૂથોમાં વહેંચાઈ જાય છે અને એકબીજા પર નારંગી ફેંકે છે.સ્પેનમાં હોળી જેવો માહોલ અવારનવાર જોવા મળે છે. ક્યારેક લોકો એકબીજા પર વાઈન ફેંકે છે તો ક્યારેક ટામેટાં સાથે હોળી રમીને લા ટોમેટિના ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. ઉત્તરી સ્પેનમાં દર વર્ષે ૨૯ જૂને વાઈન ફેસ્ટિવલ થાય છે જ્યાં લોકો એકબીજા પર વાઈન ફેંકે છે. લા ટોમેટિના ફેસ્ટિવલ ઓગસ્ટના છેલ્લા શનિવારે યોજાય છે.એપ્રિલ મહિનામાં થાઈલેન્ડમાં પણ હોળી જેવી ઉજવણી થાય છે. અહીં 'સોંગક્રાન' નામનો તહેવાર યોજવામાં આવે છે જેમાં લોકો એકબીજા પર રંગો અને ઠંડુ પાણી ફેંકે છે. તેને વોર સ્પ્લેશિંગ ફેસ્ટિવલ પણ કહેવામાં આવે છે. તે બૌદ્ધ નવા વર્ષની ઉજવણી કરતો તહેવાર હોવાનું કહેવાય છે.

## સીબીઆઈએ વિશાખાપટ્ટનમમાં કરોડો રૂપિયાનું ૨૫ હજાર કિલો ડ્રગ્સ જપ્ત કર્યું

વિશાખાપટ્ટનમ,

સીબીઆઈએ ઈન્ટરપોલથી મળેલી માહિતીને આધારે આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ પોર્ટ પર એક જહાજમાંથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યુ છે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર કન્ટેનર વિશાખાપટ્ટનમાં ડિલિવરી કરવા માટે સેન્ટોસ પોર્ટ, બ્રાઝિલમાંથી બુક કરવામાં આવ્યું હતું. આ કન્ટેનર વિશાખાપટ્ટનમ સ્થિત ખાનગી કંપનીના નામે બુક કરવામાં આવ્યું હતું.

અધિકારીઓએ જહાજમાંથી ૨૫ કિલોગ્રામની એક એવી ૧૦૦૦ બેગ જપ્ત કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ બેગમાં સૂકા ખમીરની સાથે કોકેઈન ભેળવવામાં આવ્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે.બેગમાં માદક પદાર્થોના કુલ જથ્થો કેટલો છે તેની તપાસ ચાલી રહી છે. ઓપરેશન ગરુડા હેઠળ ઈન્ટરપોલે આપેલી માહિતીને આધારે સીબીઆઈએ કસ્ટમ અધિકારીઓની મદદ લઈને ડ્રગ્સનો મોટો જથ્થો જપ્ત કર્યો છે.

સીબીઆઈ પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આખો કન્સાઈનમેન્ટ જપ્ત કરી લેવામાં આવ્યો છે તથા એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે પ્રાથમિક તપાસમાં ડ્રગ્સની હેરાફેરીમાં મોટા પાયે ક્રિમિનલ નેટવર્કની સંડોવણીની શક્યતા છે. ભૂતાકળમાં પણ ઈન્ટરપોલની માહિતીની આધારે સીબીઆઈએ ઓપરેશન પાર પાડયું હતું અને એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# લુણાવાડાની હેલી હોસ્પિટલમાં માતા અને બાળકના મોત થતાં પરિવારજનો દ્વારા હોબાળો

લુણાવાડા, પંચમહાલના રેણા મોરવાના લાલપુર ગામના શકુંતલાબેન અતુલભાઈ ચૌહાણ મહિલાને પ્રસુતિ પીડા ઉપડતા વહેલી સવારે લુણાવાડાની હેલી હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી.જયાં ડોકટર દ્વારા મહિલાનુ સીઝેરીયન ઓપરેશન દરમિયાન માતા અને બાળકનુ મોત નીપજયું હતુ. પરિવારે પહેલા તો બાળક તેમજ માતાનો મૃતદેહ લેવાનુ ના પાડતા હોસ્પિટલમાં હોબાળો મચ્યો હતો. બીજી તરફ પરિવાર દ્વારા આક્ષેપ પણ કરવામાં આવ્યો છે કે ,માતા અને પુત્રીને યોગ્ય ઓપરેશન ન થતાં સારવાર દરમિયાન મોત નીપજયું છે. ત્યારે પરિવાર દ્વારા માતા અને બાળકનો મૃતદેહ ન સ્વિકારતા લુણાવાડા પોલીસ તેમજ સામાજિક કાર્યકર હિરેન શ્રીમાળી હોસ્પિટલ દોડી આવ્યા હતા ત્યારે પરિવાર લુણાવાડાના પોલીસ મથકે પહોંચ્યુ હતુ. બીજી તરફ જિલ્લા આરોગ્ય વિભાગને જાણ થતાં જિલ્લા આરોગ્ય અધિકારી સહિત તેમની ટીમ હોસ્પિટલમાં૦ ડોકટરની પુછપરછ માટે આવી હતી. ત્યારે લુણાવાડામાં ચર્ચાનો વિષય બનેલી હેલી હોસ્પિટલમાં અવાર નવાર કિસ્સાઓ સામે આવતા આ કિસ્સો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

# જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા લોભ, લાલચ કે લાંચ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું

મહીસાગર, મહીસાગર જીલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ચૂંટણીનું મતદાન તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ નિયત કરવામાં છે તથા મતગણતરી તા.૦૪/૦૬/૨૦૨૪ના રોજ યોજાનાર છે. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને લક્ષમાં લઈ, -- જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ કોઈપણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે લોભ, લાલચ કે લાંચ તેમજ કોઈ પણ જાતના પ્રલોભનો વગર આપી શકે તેમજ ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કોઈ પણ પ્રકારની ધાક ધમકી કે પ્રલોભનો વગર કરી શકે તે અનિવાર્ય છે. જે અંતર્ગત જીલ્લા મેજીસ્ટ્રેટ નેહા કુમારી દ્વારા પ્રતિબંધ કૃત્યો ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કોઈ પણ વ્યક્તિને તેના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રલોભન આપવાના ઉદ્દેશથી ચૂંટણી પ્રકિયા દરમિયાન રોકડ કે વસ્તુ સ્વરૂપે લાંચ લેવા કે આપવા પર, ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉભા રહેવા અથવા ઉભા ન રહેવા માટે અથવા ચૂંટણીની તેની ઉમેદવારી પાછી ખેંચી લેવા કે ન લેવા માટે કોઈ વ્યકિતને પ્રલોભન, ધાક-ધમકી આપવી કે અન્ય રીતે પ્રેરિત કરવા પર, કોઈ વ્યકિતને પોતાનો મતાધિકારનો ઉપયોગ કરતા અટકાવવા પ્રલોભન કે ધાક-ધમકી આપવા પર પ્રતિબંધ ફરમાવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

## વિરપુર તાલુકાના કોયડમ ગ્રામ પંચાયત ખાતે દિવ્યાંગ મતદારો માટે મતદાન જાગૃતિ કેમ્પ યોજાયો



મહીસાગર, ભારતના ચૂંટણી પંચ તરફથી લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ અંતર્ગત મહીસાગર જીલ્લામાં ચૂંટણી તા. ૦૭ મેના રોજ યોજાનાર છે. જે અન્વયે મહીસાગર જીલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા લોકશાહીના પર્વ ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો સહભાગી બને, તે માટે મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. ત્યારે વિરપુર તાલુકાના કોયડમ ગ્રામ પંચાયત ખાતે દિવ્યાંગ મતદારો માટે મતદાન જાગૃતિ કેમ્પ યોજવામાં આવ્યો હતો.આયોજીત મતદાન જાગૃતિ કેમ્પમાં PWD (પર્સન વિથ ડીસેબીલીટી) મતદારોને પૂરી પાડવામાં આવતી સુવિધાઓ વિષે માહિતી આપવામાં આવી હતી. દિવ્યાંગ મતદારોની ચૂંટણીમાં ભાગીદારી વધે, તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દિવ્યાંગોને ચૂંટણીલક્ષી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવતી સક્ષમ એપ્લિકેશન અંગે જાણકારી આપીને તેનો ઉપયોગ કરવા સમજાવાયું હતું. આ કાર્યક્રમમાં સંબંધિત વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ અને મતદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાજપની ચોથી યાદી જાહેર, ૧૫ ઉમેદવારોને ટિકિટ,ગુજરાતના બાકી

નવીદિલ્હી, લોકસભા ચૂંટણીને લઈ આજે ભાજપે તેના ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી છે. ચોથી યાદીમાં પુડુચેરી અને તમિલનાડુના લોકસભા ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે ૭ તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણી ૨૦૨૪નો પ્રથમ રાઉન્ડ ૧૯ એપ્રિલે છે. તમિલનાડુ અને પુડુચેરીમાં લોકસભા ચૂંટણી માટે મતદાન ૧૯ એપ્રિલે જ થશે. જો આપણે ગુજરાતની વાત કરીએ તો ગુજરાત ભાજપે ૪ બેઠકો જેવી કે, મહેસાણા, સુરેન્દ્રનગર, અમરેલી અને જુનાગઢના બેઠકો પર ઉમેદવાર જાહેર કર્યા નથી. આ તરફ રાજ્યની ૨૨ બેઠકોના ઉમેદવાર જાહેર કરી દીધા છે.

ભારતીય જનતા પાર્ટીએ આગામી લોકસભા ચૂંટણી માટે તેના ઉમેદવારોની ચોથી યાદી બહાર પાડી છે. ભાજપે પુડુચેરી લોકસભા સીટ પર એ. નમાસિવાયમ તેના ઉમેદવાર તરીકે છે. આ બેઠક હાલમાં કોંગ્રેસ પાસે છે. કોંગ્રેસના વી. વૈથિલિંગમ અહીંથી સાંસદ છે. કોંગ્રેસે તેમને ફરી એકવાર તક આપી છે.

ભાજપની ચોથી યાદીમાં તમિલનાડુના ૧૫ ઉમેદવારોના નામ છે. આ પહેલા એક દિવસ પહેલા ભાજપે તેની ત્રીજી યાદી બહાર પાડી હતી, જેમાં તમિલનાડુના ૯ ઉમેદવારોના નામ હતા. ત્રીજી યાદીમાં તમિલનાડુ બીજેપી ચીફ કે અન્નામલાઈને કોઈમ્બતુર લોકસભા સીટથી ટિકિટ આપવામાં આવી છે. ત્રીજી યાદીમાં બીજું સૌથી મોટું નામ તેલંગાણાના ભૂતપૂર્વ રાજ્યપાલ તમિલિસાઈ સૌંદરરાજનનું હતું. ભાજપે તેમને ચેન્નાઈ દક્ષિણથી ટિકિટ આપી છે. તમિલિસાઈ સૌંદરરાજન તેલંગાણાના રાજ્યપાલ અને પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર પદેથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા.

## આદર્શ આચારસંહિતાનો ભંગ થાય તેવા કૃત્યો પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું

મહીસાગર, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને લક્ષમાં લઈ, જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ કોઈપણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ભારતના ચૂંટણી પંચ દવારા બહાર પાડેલ ચૂંટણી આચાર સંહિતાની જોગવાઈઓના અમલ માટે જીલ્લા મેજીસ્ટ્રેટ નેહા કુમારી દ્વારા જાહેરનામું બહાર પડાયું

જે ઉશ્કેરણીજનક ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા સક્ષમ અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે જાહેર વ્યવસ્થા જાળવવામાં વિક્ષેપ થવા સંભવ હોય, તેવા ઉશ્કેરણીજનક ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો તથા વ્યકિતગત આક્ષેપોના કૃત્યો, આદર્શ આચારસંહિતાનો ભંગ થાય તેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

## અફઘાનિસ્તાનના પ્રતિનિધિ મંડળે ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલની મુલાકાત લીધી

અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટીમાં ૧૬ માર્ચની રાત્રે વિદેશી વિદ્યાર્થીઓની હોસ્ટેલમાં થયેલ મારામારીની ઘટના બની હતી. ગુજરાત યુનિવર્સિટીમાં નમાઝ મુદ્દે વિદેશી અને સ્થાનિક વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી બબાલ બાદ યુનિવર્સિટી તંત્ર સક્રિય થયું છે. અફઘાનિસ્તાનનું પ્રતિનિધિ મંડળે ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે છે. અફઘાન ડેલિગેશન ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલની મુલાકાત લીધી છે.

અફઘાન ડેલિગેશને ગુજરાત યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓ રહે છે તે હોસ્ટેલનું નિરીક્ષણ કર્યું. અફઘાનિસ્તાનના પ્રતિનિધિ મંડળે કુલપતિ અને વિદેશી વિદ્યાર્થી સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી મારામારી વિશે ચર્ચા કરવામાં આવી. આ ઉપરાંત ત્રણ વર્ષ અગાઉ પણ નોનવેજ ખાવા બાબતે વિદેશી વિદ્યાર્થીઓ અને સ્થાનિક વિદ્યાર્થીઓ વચ્ચે પણ મારામારી થઈ હતી, અંગે ફરિયાદ કરવામાં આવશે.

કુલપતિ નિરજા ગુપ્તાએ અફઘાનિસ્તાનના ડેલીગેશનને બેઠક માટે બોલાવ્યા હતા. મહત્વનું છે કે ગુજરાત યુનિવર્સિટીમાં ૨૫૦ જેટવા વિદેશી વિદ્યાર્થી અભ્યાસ કરે છે. અફગાન પ્રતિનિધિ મંડળે મીડિયા સાથે વાતચીત કરતા કહ્યુ કે અમારા વિદ્યાર્થીઓ અહીં ૫ વર્ષથી ભણે છે.ચિંતાનો કોઈ વિષય નથી.

## ટીએમસીએ ૫૪૨ કરોડ રૂપિયાના બોન્ડ રોકડ કર્યા છે. ત્યાં જ ડીએમકેએ ૫૦૩ કરોડ રૂપિયાના બોન્ડ રોકડ કર્યા

કોલકતા, લોટરી કિંગ નામથી ઓળખાતા સેંટિયાગો માર્ટિનની કંપનીએ ૧૩૬૮ કરોડ રૂપિયાના બોન્ડ ખરીદ્યા હતા. તેમણે આ બોન્ડ ૧૨ એપ્રિલ ૨૦૧૯થી લઈને ૨૪ જાન્યુઆરી ૨૦૨૪ની વચ્ચે ખરીદ્યા હતા. જોકે ખાસ વાત એ છે કે મુખ્ય રીતે તમિલનાડુમાં સંચાલિત થતી માર્ટિનની કંપનીએ અન્ય રાજ્યોમાં પણ રાજનૈતિક પક્ષોને ફંડ આપ્યું હતું.માર્ટિનની તરફથી આપેલા ઈલેક્ટોરલ બોન્ડને રોકડ કરવામાં બે રાજનૈતિક પક્ષ સૌથી આગળ છે. તેમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની આગેવાની વાળી તૃણમૂળ કોંગ્રેસ અને તમિલનાડુમાં સત્તારૂઢી એમકે સ્ટાલિનની ડીએમકે. આંકડા જણાવે છે કે ટીએમસીએ ૫૪૨ કરોડ રૂપિયાના બોન્ડ રોકડ કર્યા છે. ત્યાં જ ડીએમકેએ ૫૦૩ કરોડ રૂપિયાના બોન્ડ રોકડ કર્યા છે. જોકે આ ઉપરાંત પણ ઘણા પક્ષોના નામ લિસ્ટમાં છે. આંધ્ર પ્રદેશમાં સત્તારૂઢી વાઈએસઆક કોંગ્રેસે ૧૫૪ કરોડ રૂપિયા ભારતીય જનતા પાર્ટીના ૧૦૦ કરોડ રૂપિયા અને કોંગ્રેસે ૫૦ કરોડ રૂપિયા રોકડ કર્યા છે. કંપનીએ સિક્કિમના અમુક પક્ષોને પણ ફંડ આપ્યું છે.

## સદીના અંત સુધીમાં ગરમીથી ૧.૧૫ કરોડ લોકોના મોતનો ભય

વોશિંગ્ટન, દુનિયાભરમાં કાર્બન ઉત્સર્જનના સ્તરમાં વૃદ્ધિથી જલવાયુમાં પરિવર્તન આવી રહ્યું છે. એક અધ્યયન અનુસાર જીવાશ્મ ઈંધણના ઉત્સર્જનથી સદીના અંત સુધીમાં અત્યધીક ગરમીથી ૧.૧૫ કરોડ લોકોના મોત થઈ જશે. આ દાવો અમેરિકાની પર્યાવરણ સંસ્થા ગ્લોબલ વિટનેસ અને કોલંબિયા વિશ્વ વિદ્યાલયના વૈજ્ઞાનિકોએ કર્યો છે.તેમના અનુસાર દુનિયાની મુખ્ય જીવાશ્મ ઈંધણ કંપનીઓ દ્વારા તેલ અને ગેસનું અપર્યાપ્ત માત્રામાં ઉત્સર્જન કરવામાં આવી રહ્યું છે.જો ૨૦૫૦ સુધી ઉત્સર્જનનું સ્તર ન ઘટ્યું તો ૨૧૦૦ સુધીમાં ગરમી પોતાના ઘાતક સ્વરૂપે પહોંચી જશે. જેથી લાખો લોકોના જીવનો ખતરો છે.સંશોધકોના અનુસાર જીવાશ્મ ઈંધણના ઉત્સર્જનથી ગરમીના સ્તરમાં ૦.૧ ડીગ્રી સેલ્સીયસનો વધારો ખતરનાક રહેશે. કોલંબીયા વિવિના કાર્બન મોડેલથી બહાર આવ્યું કે પ્રત્યેક મિલિયન ટન કાર્બનમાં વધારાથી દુનિયાભરમાં ૨૨૬થી વધુ હીટવેવની ઘટનાઓ બનશે. જીવાશ્મ ઈંધણથી કાર્બન ઉત્સર્જનના મામલામાં હાલમાં ચીન સૌથી ઉપર છે. તે કુલ ઉત્સર્જનના ૩૧ ટકા માટે જવાબદાર છે. ત્યારબાદ અમેરિકા ૨૬ ટકા અને રશિયા ૨૩ ટકા માટે જવાબદાર છે. યુરોપીય દેશોમાં સ્થાપિત તેલ કંપનીઓથી કાર્બન ઉત્સર્જન થઈ રહ્યું છે એથી ઉત્પાદીત જીવાશ્મ ઈંધણથી ૨૦૫૦ સુધી વાયુમંડળમાં ૫૧ અબજ ટન કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જન વધી જશે. જયારે શુદ્ધ શૂન્ય લક્ષ્યની પ્રાપ્તિ બાદ પણ ૫૫ લાખ લોકોમાં જીવ જશે.

હીટવેવ કે ગરમીની સૌથી વધુ અસર ગરીબ અને નબળા લોકો પર થશે. બેઘર લોકો, બહાર કામ કરતા લોકો અને વૃદ્ધોને વધુ મુશ્કેલી પડી શકે છે. આ બારામાં પર્યાવરણ અર્થશાસ્ત્રી શોરો દાસ ગુપ્તા કહે છે. આ પરીસ્થિતિમાં શ્રમ સુરક્ષા જાતિ પર ધ્યાન આપવાની જરૂર છે.

## ગુજરાતમાં ચૂંટણી ટાણે કાંકરીચાળો, ભરૂચમાં શંકરાચાર્ય મઠને સળગાવવાનો પ્રયાસ

ભરૂચ, લોકસભા ચૂંટણી આવી છે, ત્યારે ચૂંટણીમાં અટકચાળો કરવા માટે અસામાજિકતત્વો પણ ફરતા થઈ ગયા છે. ભરૂચમાં બે કોમ વચ્ચે વૈયમનસ્ય થાય તેવી એક ઘટના બની છે. હિન્દુ સમુદાયના એક મઠને સળગાવવાનો પ્રયાસ કરાયો છે. મોડી રાત્રે એક વ્યક્તિએ મઠ પર જ્વલનશિલ પદાર્થ છાંટી સળગાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ સમય સુચકતાથી આગ વધારે ફેલાતી અટકાવી દેવામાં આવી હતી. તો મઠ નજીકથી કેટલાક ઉશ્કેરણીજનક લખાણ લખેલા કાગળ પણ મળી આવ્યા

લોકસભાની ચૂંટણી આવી છે ત્યારે ભરૂચના નવાચોકી ઓવાર ખાતે આવેલા શંકરાચાર્ય મઠ પર કોઈ નરાધમે જઘન્ય કૃત્ય કર્યુ. એવું કૃત્ય કર્યુ કે જેને ક્યારેય માફ કરી શકાય તેમ નથી. શંકરાચાર્યના મઠને આગને હવાલે કરી દેવાનો તેણે પ્રયાસ કર્યો છે.પરંતુ સમય સુચક્તાથી બધુ બચી ગયું. મોડી રાત્રે કાળા કપડા અને માથા પર જાળીવાળી સફેદ ટોપીમાં આવેલો એક નરાધમ મઠ પર જ્વલનશીલ પદાર્થ છાંટે છે. ત્યારપછી પથ્થરના ઘા મઠ પર કરે છે. એટલું જ નહીં પોતાના થેલામાં રહેલા કેટલાક ઉશ્કેરણીજનક લખાણ લખેલા કાગળ ફેંકે છે. થોડીવાર પછી મઠમાં આગ લગાવીને ફરાર થઈ જાય છે. આગ લગાવવાના આ દ્રશ્યો સામે આવતા જ સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો છે. આખરે આ નરાધમ કોણ છે?. કોણ છે આ જઘન્ય કૃત્ય કરનારો? કોણ છે આ અજાણ્યો વ્યક્તિ જેને બે કોમ લડી મરે તેવો ઈરાદો છે?. મોડી રાત્રે લગાવવામાં આવેલી આગને તો બુઝાવી દેવામાં આવી. પરંતુ જ્યારે વહેલી સવારે આ ઘટનાની ખબર વિસ્તારમાં પડી તો મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

પોલીસે પણ સમય સુચક્તા દાખવી ત્વરીત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ખુદ જિલ્લા પોલીસ વડા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. પોલીસે શંકરાચાર્ય મઠના મહંતની ફરિયાદ લઈ મઠને આગ લગાવનારા નરાધમને શોધવા માટે ટીમો કામે લગાવી દીધી છે. તો આ ઘટના પછી હિન્દુ સમાજમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે. નર્મદા નદીને કાંઠે આવેલા આસ્થાનું કેન્દ્ર સમાન આ મઠના દુશ્મન કોણ છે?...પોલીસે મઠની તપાસ કરી તો ઉશ્કેરીજનક લખાણ લખેલા કાગળો પણ મળી આવ્યા હતા. જેમાં સર તન સે જુદા જેવા લખાણો લખાયેલા હતા. પોલીસે આ તમામ સાહિત્ય કબજે કરી લીધું છે. બીજી તરફ વિશ્વ હિન્દુ પરિષદે આ ઘટનાને વખોડી અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરનારા નરાધમને જલદી ઝડપી લેવા માંગ કરી છે.

## આઈપીએલ રસિયાઓ માટે અમદાવાદમાં મેટ્રોનો ટાઈમ લંબાવાયો, સ્પેશિયલ ટિકિટ બહાર પડાઈ

અમદાવાદ, આજથી ઈન્ડિયન પ્રિમિટર લીગ ૨૦૨૪ નો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આજે ચેપોક સ્ટેડિયમ ખાતે ચેન્નઈ સુપર કિગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેગ્લોર વચ્ચે મેચ રમાવાની છે. તા. ૨૪ નાં રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મેચ રમાનાર છે. મેચને લઈ મેટ્રોનો સમય લંબાવવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ૨૪ અને ૩૧ મી માર્ચ તથા ૪ એપ્રિલ ના રોજ યોજાનારી આગામી આઈપીએલ ૨૦૨૪ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને, ય્સ્ઈઝ એ મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી સવારના ૬.૨૦ વાગ્યાથી રાત્રિના ૧૨ વાગ્યા સુધી ટ્રેન સેવાઓનો સમય લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત, જીએમઆરસીએ મેટ્રોના મુસાફરોને મુશ્કેલી ન પડે તે માટે દર્શાવેલ આઈપીએલ મેચોના દિવસોમાં પરત ફરવા, સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડેલ છે. સ્પેશિયલ પેપર ટિકિટની વિશેષતાઓ નીચે મુજબ છે.મુંબઈ ઈન્ડિયન્સની ટીમ સાંજે અમદાવાદ આઈટીસી નર્મદા હોટલ પર આવી પહોંચી હતી. મુંબઈ ઈન્ડિયન્સની ટીમનું હોટલ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ ગુજરાતના પૂર્વ કેપ્ટન હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સની આગેવાનીમાં કરશે. મેચને લઈ ગુજરાત ટાઈટન્સની ટીમે અત્યારથી જ પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ૨૧ માર્ચે અમદાવાદ પહોંચી હતી.

## દુરૂદ પબહનેવાલે કા દુરૂદ ઉસકે બાપ કે નામ કે સાથ પેસ કિયા જાતા હૈ

હુઝુરે સૈયદે આલમ નુરે મુજરસ્સમ સલ્લલાહો અલય હે વઆલેહિ વસલ્લસ કી તો બહુત બડી શાન હે હુઝુર સલ્લલાહો અલય હે વઆલેહિ વસલ્લમ કે દરબારીયો કી જમાઅત કા યે હાલ હૈ કે ખુદ હુઝુર સલ્લલાહો અલય હે વઆલેહિ વસલ્લમને ફરમાયા કે બેશરા અલ્લાહ તઆલા કા એક ફરિશ્તા હે જીસકો તમામ મખ્લુકાત કી કુબતે સમાઅત (સુનને કી તાકાત) અતાહુઈ હૈ ઔર વોહ મેરે રોઝએ અવન પર મેરી વફા તસે લેકર કયામત તક કાઈમ રહેતા જો ભી મુઝ પર દુરૂદ પબહેગા વોહ ફરિશતા ઉસકા નામ ઔર ઉસકે બાપ કા નામ લેકર કહેગા કે આપ મોહમંદ સલ્લલાહો અલય હે વઆલેહિ વસલ્લમ ફલા બિનફલાને આપ પર ઈસ તરહા ઈન અલ્ફાઝ સે દુરૂદ ભોજા હે

( બુખારી ઈબ્ને તીમ ખસાઈ સે કુબ્રા પાન-૮)

ચાંદ-૧૨

ખતમે શહેરી ૫-૧૬

વકતે ઈફતાર ૬-૫૦

નોંધ : સદર ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.

## દ્વારકા જિલ્લાના કોંગ્રેસના મહામંત્રી એભા કરમુરે રાજીનામુ આપ્યું

દ્વારકા, લોકસભા ચૂંટણીની જેમ જેમ નજીક આવતી જાય છે. તેમ તેમ કોંગ્રેસમાં રાજીનામાનો વરસાદ થઈ રહ્યો છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લા કોંગ્રેસમાં મોટું ભંગાણ થયુ છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને જિલ્લા કોંગ્રેસ મહામંત્રી એભા કરમુરે રાજીનામું આપ્યું છે. એભા કરમુરે કોંગ્રેસના તમામ હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે.

૨૦૧૨ વિધાનસભામાં ખંભાળિયા બેઠક પર પૂનમ માડમ સામે લડ્યા હતા. છેલ્લા ૫ ટર્મથી ખંભાળિયા એપીએમસીમાં ડિરેકટર પદે એભા કરમુર ચૂંટાયા છે. એભા કરમુરના રાજીનામાથી કોંગ્રેસનો ગઢ ધરાશાયી થાય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. આ ઉપરાંત એભા કરમુર આગામી સમયમાં સમર્થકો સાથે કેસરિયા કરે તેવી શક્યતા છે.

## રાજસ્થાન રોયલ્સનો સ્પિનર એડમ ઝામ્પા આઈપીએલમાંથી ખસી ગયો

નવીદિલ્હી, રાજસ્થાન રોયલ્સને આઈપીએલના પ્રારંભ પૂર્વે જ જોરદાર ઝાટકો લાગ્યો છે. ઓસ્ટ્રેલિયાનો લેગ સ્પિનર એડમ ઝામ્પા આઈપીએલ ૨૦૨૪માંથી ખસી ગયો છે. વ્યક્તિગત કારણથી ઝામ્પાએ આઈપીએલમાં નહીં રમવાનો નિર્ણય કર્યો છે. ઝામ્પાના મેનેજરે આ અંગે પુષ્ટી કરી હતી. એડમ ઝામ્પાએ આઈપીએલની ગત સિઝનમાં ૭ મેચમાં ૨૩.૫૦ની એવરેજથી આઠ વિકેટ ઝડપી હતી. ગત વર્ષે ફ્રેન્ચાઈઝે ઓક્શન પૂર્વે એડમ ઝામ્પાને રૂ.૧.૫ કરોડની કિંમત સાથે રિટેન કર્યો હતો.ઉલ્લેખનીય છે કે ૨૦૦૮ની ચેમ્પિયન રાજસ્થાન રોયલ્સના ત્રણ મુખ્ય સ્પિનર્સમાં રવિચંદ્રન અશ્વિન, યુઝવેન્દ્ર ચહલ અને એડમ ઝામ્પાનો સમાવેશ થતો હતો. હવે ઝામ્પા આ સિઝનમાંથી ખસી જતા સ્પિન આક્રમણ નબળું પડવાની ભીતિ છે. આ ઉપરાંત રોયલ્સનો પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ણાએ પણ સર્જરી કરાવી હોવાથી તે આઈપીએલ ગુમાવશે. રાજસ્થાન રોયલ્સે ઝામ્પા અને ક્રિષ્ણાના વિકલ્પની જાહેરાત કરી નથી પરંતુ ટૂંક સમયમાં રિપ્લેસમેન્ટની જાહેરાત કરે તેવી સંભાવના છે. અગાઉ કોરોનાકાળમાં પણ ઝામ્પા આઈપીએલની સિઝનમાં અધવચ્ચેથી નિકળીને સ્વદેશ પરત ગયો હતો. એડમ ઝામ્પાએ ઓસ્ટ્રેલિયાના વ્યસ્ત કાર્યક્રમને લીધે આઈપીએલમાંથી નામ પરત ખેંચ્યું હોવાની શક્યતા છે.

## આપની આજ.......

મેષઃ આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.

મિથુનઃ આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે.

કર્કઃ આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે.

સિંહઃ તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે કેટલાક સાથીઓ તમારી સાથે નારાજ થઈ શકે છે.

કન્યાઃ આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

તુલાઃ આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

વૃશ્ચિકઃ આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે.

ધનઃ આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે.

મકરઃ આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે.

કુંભઃ આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે. તમારા જીવનસાથીની યોગ્ય સલાહ મેળવીને તમે આજે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો.

મીનઃ આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# દે.બારીઆમાં ડુપ્લિકેટ આઈસ્ક્રીમ અને ઠંડા પીણા વેચી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા વેપારીઓ

દે.બારીઆ નગરમાં ઠંડા પીણા અને કેટલાક ખાદ્ય પદાર્થ કંપનીના ભણતા નામે બનાવટી ખાનગી વેચાણ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા કેટલાક વેપારીઓ હોળીના તહેવારમાં વધતી માંગને લઈ વેપારીઓ દ્વારા બિન આરોગ્ય વસ્તુઓનુ વેચાણ કરતા હોય તેમ તંત્ર દ્વારા આવા વેપારીઓ ઉપર લગામ કસે તેવી માંગ ઉઠી છે. પ્રાપ્ત માહિતી મુજબ દે.બારીઆ નગર સહિત તાલુકામાં હાલ એક તરફ વધતી જતી ગરમી બીજી તરફ હોળીના પર્વને લઈ ગ્રામ્ય વિસ્તારમાં ગોળ ગધેડો, ચુલ, ચાડિયો જેવા ઠેર ઠેર મેળાઓ ભરાય છે. જે મેળા તેમજ નગરમાં ગરમીના કારણે ગરમીની લુ થી બચવા લોકો ઠંડા પીણા, આઈસ્ક્રીમ સહિત અન્ય પદાર્થોનુ સેવન કરતા જોવા મળે છે. લોકોની આ વધતી માંગને લઈ કેટલાક વેપારીઓ દ્વારા કંપનીના ભળતા નામે ડુપ્લિકેટ ઠંડા પીણા, આઈસ્ક્રીમ, તેમજ મીઠાઈ સહિત અન્ય ખાદ્ય પદાર્થોનુ ખુલ્લેઆમ વેચાણ કરતા હોય તેમ ત્યારે આ ભળતા નામે વેચાણ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે કેટલાક વેપારીઓ ચેડા કરતા હોય તેમ જોવાઈ રહ્યુ છે. હાલ નગરના અલગ અલગ વિસ્તારમાં કંપનીના ભળતા નામની અનેક ખાદ્ય વસ્તુઓનુ બેરોકટોક વેચાણ થઈ રહ્યુ છે. આવનાર હોળીના પર્વને લઈ આવા વેપારીઓના કારણે કેટલાય લોકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચે તેમ જોવાઈ રહ્યુ છે. તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## લીમખેડાના ચાટકી ગામે સમાજ સુરક્ષા વિભાગ અને પોલીસ દ્વારા બાળ લગ્ન અટકાવાયા

લીમખેડા,

લીમખેડા તાલુકાના ચાટકી ગામે બાળ લગ્ન થતાં હોવાની માહિતી મળતા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીઓની ટીમ દ્વારા પોલીસને સાથે રાખી પહોંચી જઈ બાળ લગ્ન અટકાવી બંને પક્ષોને કાયદાકિય સમજણ આપી બાળ લગ્ન અટકાવ્યા હતા.

ચાટકી ગામમાં બાળ લગ્ન થતાં હોવાની માહિતી મળતા બાળ લગ્ન અટકાવવા અંગે તંત્ર અને પોલીસ વિભાગ સક્રિય થયુ છે. બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ સમાજ સુરક્ષા અધિકારી દાહોદ દ્વારા લીમખેડા પોલીસ સ્ટેશનની મદદથી સ્થળ પર પહોંચી બાળલગ્ન અટકાવવાની પ્રક્રિયા પુર્ણ કરી હતી. તેમજ બાળલગ્ન કરાવનાર બંને પક્ષોના માતા–પિતા અને તેમાં સહયોગ આપનાર તમામને રૂ.૧ લાખનો દંડ અને બે વર્ષની સખ્ત સજાની જોગવાઈ કાયદામાં હોવાની જાણકારી આપી લગ્ન મોકુફ રખાયા હતા.

## વિરપુર તાલુકાના કોયડમ ગ્રામ પંચાયત ખાતે દિવ્યાંગ મતદારો માટે મતદાન જાગૃતિ કેમ્પ યોજાયો

મહીસાગર,

ભારતના ચૂંટણી પંચ તરફથી લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ અંતર્ગત મહીસાગર જીલ્લામાં ચૂંટણી તા. ૦૭ મેના રોજ યોજાનાર છે. જે અન્વયે મહીસાગર જીલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા લોકશાહીના પર્વ ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો સહભાગી બને, તે માટે મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. ત્યારે વિરપુર તાલુકાના કોયડમ ગ્રામ પંચાયત ખાતે દિવ્યાંગ મતદારો માટે મતદાન જાગૃતિ કેમ્પ યોજવામાં આવ્યો હતો.આયોજીત મતદાન જાગૃતિ કેમ્પમાં PWD (પર્સન વિથ ડીસેબીલીટી) મતદારોને પૂરી પાડવામાં આવતી સુવિધાઓ વિષે માહિતી આપવામાં આવી હતી. દિવ્યાંગ મતદારોની ચૂંટણીમાં ભાગીદારી વધે, તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દિવ્યાંગોને ચૂંટણીલક્ષી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવતી સક્ષમ એપ્લિકેશન અંગે જાણકારી આપીને તેનો ઉપયોગ કરવા સમજાવાયું હતું. આ કાર્યક્રમમાં સંબંધિત વિભાગના અધિકારીઓ–કર્મચારીઓ અને મતદારો ઉપસ્થિત રહ્યા હતા.

# લીમખેડાની ચિલાકોટા જીલ્લા પંચાયત સીટના ૨૫૦ જેટલા કોંગ્રેસ અને આપના કાર્યકરો ભાજપમાં જોડાયા



દાહોદ,

દાહોદ જીલ્લામાં લીમખેડાની ચિલાકોટા જીલ્લા પંચાયત બેઠકના આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ૨૫૦ થી વધુ કાર્યકર્તાઓ પાર્ટી છોડીને ભગવો ખેસ ધારણ કરી ભાજપમાં જોડાયા હતા. દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના કંબોઈ ગામે આવેલ હનુમાનજી મંદિર ખાતે ભારતીય જનતા પાર્ટીના દાહોદ લોકસભા બેઠકના ઉમેદવાર અને વર્તમાન સાંસદ જશવંતસિંહ ભાભોર પ્રચાર માટે એક કાર્યક્રમમાં પહોંચ્યા હતા. જ્યાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ૨૫૦થી વધુ કાર્યકર્તાઓએ પાર્ટીને રામરામ કરીને સાંસદ જશવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં ભાજપનો કેસરિયો કેસ ધારણ કરી ભાજપમાં જોડાયા હતા.લોકસભા અને ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ભાજપમાં જોડાવાનો સિલસિલો યથાવત રહ્યો છે આજે દાહોદ લોકસભા બેઠકના સાંસદ અને ભાજપના ઉમેદવાર જશવંતસિંહ ભાભોર ચિલાકોટા જીલ્લા પંચાયત બેઠકના વિસ્તારમાં ચુંટણી પ્રચાર અર્થે પહોચ્યા હતા. સાંસદ જશવંતસિંહ ભાભોરના પ્રચાર કાર્યક્રમ દરમ્યાન ભાજપની વિકાસની વિચારધારા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કામની ગેરંટીથી પ્રભાવિત થઈને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ૨૫૦ જેટલાકાર્યકર્તાઓને ભાજપની ટોપી અને ખેસ પહેરી ભાજપમાં જોડાયા હતા. સાંસદ જસવંતસિંહ ભાભોરે તમામ આપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓનુ ખેસ પહેરાવી સ્વાગત કરી ભાજપમા પ્રવેશ કરાવ્યો હતો. ત્યારે દાહોદ જીલ્લામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનું સંગઠન ચુંટણી પહેલા જ તૂટી રહ્યું છે. ત્યારે દાહોદ લોકસભા પર ભાજપના ઉમેદવારને પછડાટ આપવા માટે ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર માટે કપરા ચઢાણ હોય તેમ લાગી રહ્યું છે ત્યારે આગામી દિવસોમાં કોંગ્રેસ અને આપ માંથી પાર્ટી થી નારાજ વધુ કેટલા કાર્યકર્તાઓ પાર્ટી છોડીને ભાજપમાં જોડાય તેવી પણ શક્યતાઓ હાલ જોવાઈ રહી છે

# પીપલોદ ગામે બસ સ્ટેન્ડ અને શૌચાલયની સુવિધાની માંગ

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના પીપલોદ ગામ અમદાવાદ–ઈન્દૌર નેશનલ હાઈવે રોડ ઉપર વસેલુ ગામ છે. જયારે રેલ્વે લાઈન હોય રેલ્વે ટ્રેન માટે રેલ્વે સ્ટેશન પણ સુવિધામાં વધારો કરી રહ્યુ છે. પીપલોદ ગામની વર્ષ–૨૦૧૧ મુજબ કુલ વસ્તી ૧૦૭૦૫ છે. જયારે પીપલોદ ગ્રામ પંચાયતનુ કુલ મતદાન ૬૮૦૦ જેટલુ હોવાની જાણકારી છે. પીપલોદ ગ્રામ પંચયત દ્વારા બજારમાં નળ મારફતે પીવાનુ પાણી પુરૂ પાડવામાં આવે છે. તેમજ રાત્રિ દરમિયાન પીપલોદ બજારમાં પીપલોદ ત્રણ રસ્તાથી ગોધરા રોડ, બારીયા રોડ સરકારી દવાખાના, દાહોદ રોડ સુધી સ્ટ્રીટ લાઈટની સુવિધા કરવામાં આવેલ છે. પીપલોદ પોલીસ મથકમાં ૧૮ જેટલા ગામડા સમાવિષ્ટ છે. ઓછા પોલીસ કર્મીઓ હોવા છતાંય કાયદો અને વ્યવસ્થાની જાળવણી થઈ રહી છે. પરંતુ ગામનો હજુ પુરતો વિકાસ થયો નથી. પીપલોદ બસ સ્ટેન્ડ એક નાનુ સરખુ પીકઅપ સ્ટેન્ડ હતુ. જયારે આજે એ સ્ટેન્ડ દબાણોમાં જોવાતુ નથી. પીપલોદ ખાતે જયારે બસ સ્ટેન્ડની જરૂર છે. આ અંગે વારંવારની રજુઆતો છતાં બની શકયુ નથી. વહેલી સવારથી માંડી રાત સુધી પીપલોદના હાલના બસ સ્ટેન્ડ ઉપર મુસાફરી માટે જતા આવતા લોકોની ભીડ હોય છે. ત્યારે નજીકમાં કોઈ સામુહિક શૌચાલય નહિ હોવાથી મહિલાઓ માટે શૌચક્રિયા માટે અઘરૂ પડતુ હોય છે. પીપલોદ ગામના બસ સ્ટેન્ડ ઉપર ગ્રામ પંચાયત કહી રહી છે કે,અહિંયા સરકારી જમીન છે. પણ તેનો કોઈ ખાતરી હજુ થઈ હોય તેમ લાગતુ નથી. જેથી ગ્રામ પંચાયત શૌચચાલય અને સરકાર બસ સ્ટેન્ડ બનાવી શકતી નથી તેવી માની શકાય.

પીપલોદ ગામ હાઈવે ઉપર વસેલુ ગામ હોય બજાર વિસ્તારમાં ચાલતા મકાન બાંધકામ તેમજ અન્ય છુટક મજુરી કામ અહિંયાના લોકોને મળી રહે છે. જયારે ટીમ્બર ઉદ્યોગમાં પીપલોદ ગામ મોખરે હોય દાહોદ રોડ સ્થિત લાકડાના પીઠામાં અહિંના લગભગ ૫૦૦ થી ૭૦૦ જેટલા લોકો કામગીરી કરી રોજગારી મેળવે છે. આ વિસ્તારમાં કોઈ મોટુ ઔદ્યોગિક એકમ નથી. જેથી ગામડાના ઘણા લોકો બહારગામ મોટા શહેરોમાં સેન્ટરીંગ કામ, કડીયા કામ, ટાઈલ્સ ફિટીંગ, લાઈટ ફિટીંગ, ફરાસખાના જેવુ કામકાજ કરી રોજીરોટી મેળવતા હોય છે. જયારે ઘરે રહેતા ખેડુતો શાકભાજી, પશુપાલન, દુધ વેચાણ જેવી પ્રવૃત્તિઓ કરી ગુજરાન ચલાવતા હોય છે. ત્યારે ગામના સર્વાંગી વિકાસના પ્રયાસો કરવા માંગ કરાઈ રહી છે.

# રાજ્ય ચૂંટણી પંચની નવતર પહેલ ગુજરાત રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ કર્યો ફેસબુક દ્વારા લાઈવ સંવાદ



દાહોદ,

ચૂંટણી એ લોકશાહીનું પર્વ છે અને લોકો મતદાન થકી પોતાના જનપ્રતિનિધિ ચૂંટતા હોય છે. આમ ચૂંટણીમાં દરેક નાગરિકોને મત ખૂબ જ કિંમતી અને પવિત્ર છે. હાલ લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે. ત્યારે દાહોદ જીલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેના નેતૃત્વમાં જીલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. જે લોકસભાની ચૂંટણીમાં પહેલી વાર મતદાન કરનારાઓમાં જાગૃતિ લાવવા ચૂંટણી તંત્ર દ્વારા જાગૃતિના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.જે અન્વયે દાહોદ જીલ્લાના શિંગવડ નર્સિંગ કોલેજ સહિતની જીલ્લાભરની કોલેજોમાં ફેસબુક સોસિયલ મીડિયા મારફત જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. જેમાં રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ ચૂંટણીના યુવાનો સાથે લાઈવ સંવાદ કર્યો હતો. ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતી દ્વારા રાજયના વિવિધ જીલ્લાઓની કોલેજોમાં તેમણે ફેસબુક લાઈવ પ્રોગ્રામ મારફતે કોલેજના વિદ્યાર્થીઓ સાથે ફેસબુકથી લાઈવ સંવાદ કરીને તેમને મતાધિકારની પ્રક્રિયામાં જોડાવા પ્રેરિત કર્યા હતા. શિંગવડ નર્સિંગ કોલેજ ખાતે મામલતદાર જી.કે. શાહ તાલુકામાં મતદારોને પેમ્ફલેટ વિતરણ કરીને વધુને વધુ મતદાન માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ સાથે બેનર, પોસ્ટર થકી પણ ચૂંટણીનું પર્વ, દેશનું ગર્વ હોવાના સંદેશ સાથે લોકોને લોકશાહની આ પ્રક્રિયામાં સહભાગી થવા અપીલ કરાઈ છે. લોકસભા તેમજ વિધાનસભાની ચૂંટણી સમયે મતદારોને પદ્ધતિસર રીતે શિક્ષિત કરવા તથા ચૂંટણીમાં સહભાગીતા વધારવા માટે ચૂંટણી પંચ દ્વારા સ્વીપ એટલે કે સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન પ્રોગ્રામ હાથ ધરવામાં આવે છે. હાલ લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થઈ ગયો છે. ત્યારે દાહોદ જીલ્લામાં જીલ્લા ચુંટણી અધિકારી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ મતદાર જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓને પણ વેગ આપવામાં આવી રહ્યો છે.આ તકે વિદ્યાર્થીઓને મતદાન અવશ્ય કરવા પ્રોત્સાહન આપ્યું હતું. કોલજીયનોએ પોતે મતદાન કરશે, તેવી ખાત્રી આપી હતી. તેમજ અન્ય લોકોને પણ મતદાન માટે પ્રેરિત કરશે, તેવો ઉત્સાહ દર્શાવ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# દાહોદ નજીક ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર અકસ્માત ત્રિપલ અકસ્માત, ટ્રક ચાલક ઈજાગ્રસ્ત



દાહોદ,

દાહોદ નજીક ઈન્દૌર–અમદાવાદ નેશનલ હાઈવે પર આરટીઓ કચેરી નજીક વિચિત્ર રીતે ત્રીપલ અકસ્માત સર્જાતા ટ્રક ચાલક પ્રજ્ઞા કેબીનમાં ફસાઈ જતા સ્થાનિકોએ ચાલકને ક્રેન મારફતે ચાલકને બહાર કાઢી સારવાર અર્થે નજીકના હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

ઈન્દોર–અમદાવાદ નેશનલ હાઈવે પર દિન પ્રતિદિન મારા અકસ્માતના બનાવો સામે આવી રહ્યા છે. જેના પગલે આ આ હાઈવે ધીમે ધીમે અકસ્માત ઝોન તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યો છે. બે દિવસ અગાઉ અવંતિકા રિસોર્ટ નજીક ટ્રક ચાલકે આગળ ચાલતી ફોરવીલર ગાડીને ટક્કર મારતા ફોરવીલ ગાડી ડિવાઈડર પર ચડી હતી જે બનાવની સહી હજી સુકાઈ નથી. ત્યારે આજે આરટીઓ કચેરી નજીકથી પસાર થતી ટ્રકની આગળ ફોરવીલ ગાડી આવી જતા ટચ ચાલકે ઓચિન તે બ્રેક મારતા પાછળથી આવી રહેલા કન્ટેનર તેમાં ટ્રક એકબીજા સાથે અથડાતા ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં વચ્ચે ચાલી રહેલા ટ્રકનો ચાલક કેબિનમાં ફસાઈ જતા આસપાસના સ્થાનિકો દોડી આવ્યા હતા અને ક્રેન મારફતે કેબીનમાં ફસાયેલા ચાલકને બહાર કાઢી ૧૦૮ મારફતે સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવાની હતી. આ બાબતની જાણ સ્થાનિક પોલીસને થતા સ્થાનિક પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. અને અકસ્માત અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરી છે

# દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ માર્ગ અકસ્માત બનાવમાં ૧ મહિલા સહિત બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જીલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે બે જુદી જુદી જગ્યાએ સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં એક મહિલા સહિત બે વ્યક્તિઓના મોત નીપજયાંનું જયારે બે વ્યક્તિઓને શરીરે ઈજાઓ થતાં નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના સાંપોઈ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૦મી માર્ચના રોજ ઝાલોદ તાલુકાના ઠુંઠીકંકાસિયા ગામે ભગત ફળિયામાં રહેતાં રાકેશભાઈ પેમલાભાઈ મછાર તથા તેમના પુત્ર રાહુલભાઈ એમ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ સાંપોઈ ગામે મંદિર પાસે હાઈવે રોડ ઉપરથી પસાર થઈ પોતાના ઘરે આવી રહ્યાં હતાં તે સમયે એક એક્ટીવા ટુ વ્હીલર મોપેડ ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રાકેશભાઈની મોટરસાઈકલ સાથે જોશભેર ટક્કર મારતાં રાકેશભાઈ તથા તેમનો પુત્ર રાહુલભાઈ બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં જેને પગલે બંન્ને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં જેમાં રાકેશભાઈનું મોત નીપજ્યું હતું જયારે ઈજાગ્રસ્ત રાહુલભાઈને સારવાર માટે નજીકના દવાખાને લઈ જવામાં આવ્યાં હતાં. આ સંબંધે રેખાબેન રાકેશભાઈ મછારે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.માર્ગ અકસ્માતનો બીજો બનાવ ફતેપુરા તાલુકાના મકવાણાના વરૂણા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૦મી માર્ચના રોજ ઝાલોદ તાલુકાના કદવાળ ગામના ખેડા ફળિયામાં રહેતી ઉર્વશીબેન મહેશભાઈ વસૈયા ઉ.વ.૧૬ નાઓ ફતેપુરા તાલુકાના કુંડલા ગામના તેના મામા અતુલભાઈ મોહનભાઈ ભાભોરના ઘરે રહી ધોરણ ૧૦ નો અભ્યાસ કરતી હતી. જેથી હાલ બોર્ડની પરીક્ષા ચાલતી હોય ઉર્વશીબેન વસૈયા સુખસર ખાતે પરીક્ષા આપવા માટે આવી હતી. જયારે બપોરના એક વાગ્યાના સમયે પરીક્ષા પૂરી થતાં તેના મામા અતુલભાઈ ભાભોર મોટરસાયકલ લઈ ઉર્વશીબેનને લેવા માટે આવ્યા હતા. અને દોઢેક વાગ્યાના અરસામાં પરત કુંડલા ગામે મોટરસાયકલ ઉપર મામા–ભાણેજ જઈ રહ્યા હતા. તેવા સમયે મકવાણાના વરૂણા નાલંદા પબ્લિક સ્કૂલની સામે વળાંકમાં સામેથી આવતી વેગેનર કાર નંબર જીજે–૧૭.એન–૩૫૫૫ ના ચાલકે પોતાના કબજાની ગાડીને પુરપાટ અને ગફલત ભરી રીતે હંકારી લાવી અતુલભાઇ ભાભોરની મોટરસાઈકલ સાથે ધડાકાભેર અથડાવતા મોટરસાઈકલ ઉપર સવાર ઉર્વશીબેન તથા અતુલભાઈ નાઓ રોડ ઉપર જોશભેર પટકાયા હતા.જેમાં ઉર્વશીબેનને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મોતની જવા પામેલ હોવાનું જાણવામાં આવે છે. જયારે અતુલભાઈ ભાભોરને પગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળે છે. જુવાનીના ઉંબરે પહોંચેલી કિશોરીનું અકસ્માતે મોત નીપજતા પરિવાર સહિત મોસાળમાં હાહાકાર સાથે રોકકળ મચી જવા પામી હોવાનું જાણવા મળે છે. ઉપરોક્ત અકસ્માત સંદર્ભે સુખસર પોલીસને જાણ થતાં અકસ્માત નોતરનાર વેગેનર કારને પોલીસે કબજે લઈ મૃતક કિશોરીનો મૃતદેહ સુખસર સરકારી દવાખાનામાં પી.એમ અર્થે મોકલી આપી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# લઘુતમ સુવિધાઓ અંતર્ગત ધાનપુર મામલતદાર કચેરી ખાતે મામલતદારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

દાહોદ,

જીલ્લા ચુંટણી અધિકારી વ કલેક્ટર યોગેશ નિરગુડે એ સ્વીપના નોડલ ઓફિસરને સૂચના આપી હતી. વધુમાં એ.આર.ઓ તેમજ મામલતદારને મતદાન મથકોની મુલાકાત લઈ મતદાતા માટેની સુવિધાઓનું જાતે નિરીક્ષણ કરવા જણાવ્યું હતું. ધાનપુર મામલતદાર રાકેશ મોદીનાઅધ્યક્ષ સ્થાને ધાનપુર તાલુકામાં આવેલ તમામ શાળા અને કોલેજના આચાર્યઓ જોડે બેઠક યોજાઈ હતી. મામલતદાર રાકેશ મોદી એ તમામ આચાર્ય ઓ ને લઘુતમ સુવિધાઓ માટે તમામ આચાર્ય ઓ ને સૂચન કર્યા હતા લોકસભા સામન્ય ચુંટણી અન્વયે સુચારૂ આયોજન વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આ બેઠક દરમિયાન મામલતદાર રાકેશ મોદી એ “SVEEP“ એટલે કે Systematic Voter's Education and Electoral Participation એ ભારતના ચૂંટણી પંચનો દેશમાં મતદાર શિક્ષણ, મતદાર જાગૃતિ ફેલાવવા અને મતદાર સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટેનો મુખ્ય કાર્યક્રમ છે. લોકશાહીમાં નાગરિકોની સાર્વત્રિક અને પ્રબુદ્ધ ભાગીદારી માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સ્વીપ કાર્યક્રમ થકી દરેક નાગરિકને મતદાર તરીકે નોંધણી કરાવવા અને ચૂંટણી અંગે માહિતગાર કરી, નૈતિક રીતે પોતાનો મત આપવા માટે જાગૃત, સક્ષમ અને સશક્ત કરવામાં આવે છે. પોસ્ટલ બેલેટ કામગીરી બાબતોની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.વધુમાં મામલતદાર મોદી એ જણાવ્યું કે લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં વધુમાં વધુ મતદારો લોકશાહીના આ મહાપર્વમાં ભાગીદાર બને સમગ્ર ચૂંટણી દરમિયાન સૌનો સહયોગ મળતો રહે મતદારોમાં મતદાન અંગે જાગૃતિ આવે અને વધુમાં વધુ મતદાન અને દેશની ઉન્નતીમાં પોતાની ભાગીદારી નોંધાવે તેવી સૌને અપીલ કરી હતી. આ બેઠકમાં ધાનપુર તાલુકાના અને દેવગઢ બારિયાના ધાનપુર તાલુકામાં સમાવિષ્ઠ મતદાન મથકો અને ગરબાડા તાલુકાના ધાનપુર તાલુકામાં સમાવિષ્ઠ મતદાન મથકોના શાળાના આચાર્ય સહિત શિક્ષકો હાજર રહ્યા હતા.

# દાહોદ જલ્લામાં બે અલગ-અલગ સ્થળે પોલીસે રેઈડ કરી ૩.૬૧ લાખનો ઈંગ્લીશ દારૂ સાથે બે ઈસમોની અટકાત

દાહોદ,

દાહોદ જીલ્લામાં પોલીસે બે જુદી જુદી જગ્યાએ પ્રોહી રેડ પાડી રૂા. ૩,૬૧,૯૨૦ના પ્રોહી જથ્થા સાથે એક ફોર વ્હીલર ગાડી કબજે કર્યાનું જયારે બે બનાવોમાં બે ઈસમોની અટકાયત કરી તેમજ ત્રણ ઈસમો નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.પ્રોહીનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૧મી માર્ચના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે ભથવાડા ટોલનાકા પાસે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ફોર વ્હીલર ગાડી નજીક આવતાં ગાડીમાં સવાર ગૌતમ વીરમભાઈ સોલંકી અને અતુલ મનસુખભાઈ ચૌહાણ (બંન્ને રહે. ભાવનગર) નાઓની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ ન મળતાં પોલીસે તેઓની ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૫૦૪ કિંમત રૂા. ૧,૬૮,૪૮૦ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલર ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૬,૭૪,૪૮૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે પીપલોદ પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રોહીનો બીજો બનાવ લીમખેડા તાલુકાના ઝેર જીતગઢ ગામે બનવા પામ્યો હતો. જેમાં દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ગત તા.૨૧મી માર્ચના રોજ ઝેર જીતગઢ ગામે કટારા ફળિયામાં રહેતા વિરસીંગભાઈ હુકલાભાઈ ભુરીયાના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડતાં પોલીસને જોઈ વિરસીંગભાઈ તથા તેમની સાથેના દશરથભાઈ દિપસીંગભાઈ મુનીયા (રહે. સુથારવાસા, તા. ઝાલોદ, જી. દાહોદ અને શક્તિરાજ ઉર્ફે શક્તિ ગલાભાઈ હઠીલા (રહે. આંબા, રીછુમરા ફળિયું, તા. ઝાલોદ, જી. દાહોદ) નાઓ પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે રહેણાંક મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૧૪૬૦ કિંમત રૂા. ૧,૯૩,૪૪૦નો પ્રોહી જથ્થો કબજે કરી આ સંબંધે લીમખેડા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.179

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ED દ્વારા ધરપકડ કરવામાં આવતા પંચમહાલ "આપ" દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું



આમ આદમી પાર્ટીના મુખ્ય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવતા દેશમાં મોટા પ્રત્યાઘાત પડયા છે. ખાસ કરીને આમ આદમી પાર્ટી દ્વારા દેશ ભરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજ રોજ પંચમહાલ જીલ્લામાં પણ "આપ" ના કાર્યકરો દ્વારા ગોધરા બસસ્ટેન્ડ પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્ર સરકાર વિરૂદ્ધ નારેબાજી કરી હતી.

જીલ્લા પ્રમુખ દિનેશ બારીઆએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે, કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા વિરોધ પક્ષને બદનામ કરવા અને પરેશાન કરવા ઈડી નો દુર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર ને કાયદો બનાવવા કે સુધારવાનો અધિકાર છે, પણ કાયદાનો દુર ઉપયોગ કરવાનો અધિકાર નથી. ૧ લી મે ૧૯૫૬ થી Enforcement directorate (ઈડી)ની સ્થાપના થયેલી છે. આટલા વર્ષો સુધી વિપક્ષને બદનામ કે હેરાન કરવા માટે તેનો દુરઉપયોગ કરવામાં આવ્યો હોય તેવા દાખલાઓ જોવા મળતાં નથી. પરંતુ હાલની તાનાશાહી ભાજપ સરકાર તેનો ભરપુર દુર ઉપયોગ કરી રહી છે તે દેશ માટે ઘાતક છે. કોઈ આરોપ લગાવે અને માત્ર તેથી જ ધરપકડ કરી લેવી તથા આરોપીએ જાતે સાબિત કરવાનું કે તે નિર્દોષ છે અને જ્યાં સુધી નિર્દોષ સાબિત ના થાય ત્યાં સુધી જેલમાં રહેવાનું આ કેટલું અયોગ્ય છે !

વર્ષે બે વર્ષે જ્યારે નિર્દોષ સાબિત થાય અને છુટે પરંતુ જે તે વ્યક્તિના બે વર્ષ બગડે એ કેટલું નુકશાન કારક છે ? આ પ્રકારના કેસમાં વિપક્ષના નેતાઓને ફસાવવાનું ષડયંત્ર લોકશાહી ધરાવતા દેશમાં તાનાશાહી શાસન જોવા મળી રહ્યું છે. શાસક પક્ષ પોતાની જ પાર્ટીના ભ્રષ્ટાચારીઓ સામે શા માટે ઈડીની તપાસ નથી કરાવતા એ સવાલ છે.

લોકસભાની ચૂંટણી નજીક આવી છે ત્યારે એક મજબુત પાર્ટી તરીકે ઉભરી આવતી આમ આદમી પાર્ટીને રોકવા, તોડવા, ડરાવવા શાસક પક્ષના આ ષડયંત્રો હવે કામ લાગવાના નથી, પરંતુ મજબુત તાકાત અને એકતા સાથે ઉભરી આવશે તેમ જીલ્લા પ્રમુખ દિનેશ બારીઆએ જણાવ્યું હતું.

જીલ્લા પ્રમુખ દિનેશ બારીઆએ, પ્રદેશ સહમંત્રી રાજુભાઈ પટેલ, પ્રદેશ કિસાન ઉપાધ્યક્ષ અરવિંદભાઈ માછી, પ્રદેશ એસટી ઉપાધ્યક્ષ પ્રવિણભાઈ રાઠવા, જીલ્લા ઓબીસી પ્રમુખ રમેશભાઈ પટેલ, જીલ્લા યુવા પ્રમુખ આશિષ કામદાર, જીલ્લા સહકાર સમિતિના પ્રમુખ મનોજ જોશી, ગોધરા શહેર કાર્યકારી પ્રમુખ લિયાકત પઠાણ, ઘોઘંબા તાલુકા પ્રમુખ સંજયભાઈ સોલંકી, ઘોઘંબા તાલુકા યુવા પ્રમુખ ગુલાબભાઈ રાઠવા સહિતના પદાધિકારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# હાલોલના સીંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા અને સ્વચ્છતાં નહિ જાળવતા વેપારીઓ સામે પાલિકા દ્વારા દંડનીય કાર્યવાહી

હાલોલ,

હાલોલ નગર ખાતે સીંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉયપોગ કરતા અને સ્વચ્છતાં ન જાળવતા વેપારીઓ સામે નગરપાલિકા તંત્રએ દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. હાલોલ નગરપાલિકાના મુખ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ હાલોલ નગરપાલિકાની આરોગ્ય વિભાગ અને સાફ સફાઈ વિભાગની ટીમ સહિતના નગરપાલિકાના તંત્રના કર્મચારીઓની ટીમે હાલોલ નગરના નવી શાકમાર્કેટ સહિતના મુખ્ય બજારોમાં સીંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ કરતા તેમજ પોતાના ધંધાના સ્થળોએ સ્વચ્છતાં ન રાખતા લોકો સામે લાલ આંખ કરી સ્વચ્છતાં અને સીંગલ યુઝ પ્લાસ્ટિક અંતર્ગત તપાસ હાથ ધરી હતી. જેમાં અનાજ કરિયાણા સહિત વિવિધ ખાણીપીણી તેમજ વિવિધ ચીજ વસ્તુઓનુ વેચાણ કરતા દુકાનદારો તેમજ શાકભાજી અને ફળફળાદીનો ધંધો કરતા લારી ગલ્લા અને પથારાવાળાના સ્થળોએ ચેકિંગ હાથ ધરતા પ્રતિબંધિત સીંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ કરતા વેપારીઓની દુકાનો લારી ગલ્લા અને પથારાવાળાઓમાંથી ઓવા માઈક્રોનનો પ્રતિબંધિત સીંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો મળી આવ્યો હતો. જેને લઈ નગરપાલિકાના કર્મચારીઓએ રૂ.૫૦૦ અને ૨૦૦ જેટલા દંડની પાવતી આપી દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. હવેથી જો પ્રતિબંધિત સીંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરશે અને ધંધાના સ્થળેથી પ્રતિબંધિત પ્લાસ્ટિક મળી આવશે તો કડક કાયદાકિય કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી.

# પંચમહાલ જીલ્લાના ગોધરા સહિતના નાના-મોટા મથકો ખાતે હોળીના તહેવારમાં ઘરાકી નહિ ખુલતાં વેપારીઓની હોળી ફીકી પડી

## હોળીના તહેવાર વચ્ચે બે દિવસ બાકી છતાં ગ્રાહકો વગરના બજાર સુમસામ.



ગોધરા,

હોળીના તહેવાર વચ્ચે માંડ બે દિવસ બાકી હોય તેમ છતાં પંચમહાલ જીલ્લા સહિત ગોધરાના બજારમાં હોળીના તહેવારની ઘરાકી નહિ ખુલતા વેપારીઓ ચિંતીત બન્યા ગ્રાહકો વગર બજારો સુમસામ ભાષી રહ્યા છે.

પંચમહાલ જીલ્લામાં ગોધરા સહિતના તમામ નાના–મોટા મથકો ઉપર હોળીના તહેવારમાં ગ્રામ્ય વિસ્તારના લોકોની ભારે ખરીદી રહેતી હોય છે. જેને લઈ વેપારીઓ હોળીના તહેવારને લઈ નવા માલ સામાનની ખરીદી કરતા હોય છે. હવે હોળીના તહેવારમાં માંડ બે દિવસ જેવો સમય બાકી હોવા છતાં હોળીના તહેવારની ખરીદી નહિ ખુલતા વેપારીઓ ચિંતીત બન્યા છે. આંમ, પણ જ્યારથી ઓનલાઈન માર્કેટીંગ શરૂ થતાં વેપારીઓના ધંધા ઉર માઠી અસર પડી છે. ત્યારે હોળીના તહેવારમાં પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારો તેમજ દાહોદ જીલ્લા માંથી રોજગારી માટે બજાર જતા શ્રમિક વર્ગ હોળીના તહેવાર કરવા માટે માદરે વતનમાં આવતા હોય છે અને જેને લઈ બજારોમાં કપડાં, બુટ–ચંપલ સહિતના નાના–મોટા ધંધાદારીઓના ધંધામાં રોનક આવી જતી હોય છે પરંતુ આ વર્ષ હોળીના તહેવારને બે દિવસ બાકી હોય તેવામાં પણ બજારમાં હોળીના તહેવારની ઘરાકી નહિ ખુલતા વેપારીઓ મુંઝવણમાં મુકાઈ ગયા છે. બીજી તરફ હોળીના તહેવારમાં શહેરી વિસ્તારમાં રહેતા લોકો ધાણી, ચણા, ખજુર સહિતની ચીજવસ્તુઓની ખરીદી કરતાં હોય છે પરંતુ ચાલુ વર્ષ ધાણીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જેને લઈ આવા સીઝનેબલ ધંધો કરતાં વેપારીઓ પણ ગ્રાહકો આવે તેવી મીટ માંડી રહ્યા છે. ગોધરા શહેરના બજારો સામાન્ય વર્ષોમાં હોળીના તહેવાર પહેલા ખરીદી માટે લોકોની ચહેલપહેલ રહેતી હતી. તે હાલમાં ખરીદી માટે ગ્રાહકોનો અભાવ જોવા મળી રહ્યો છે.

# વિદેશમાં રહેતા દંપતિએ ગોધરામાં વસતા ગરીબ અને મધ્યમવર્ગને ધાણી-ચણાનું વિતરણ કર્યું




ગોધરા,

વધુ પૈસા કમાવવા વિદેશમાં સ્થાયી થવું હાલ લોકોનું એક સપનું થઈ ગયું છે. જ્યાં લોકો પોતાનું વતન છોડી વધુ પૈસા કમાવવા વિદેશમાં નોકરી કરવાનું પસંદ કરે છે અને ધીમે ધીમે વતનને ભૂલતા જાય છે. પરંતુ આવું જ એક દંપતિ વિદેશ રહેવા છતા પણ પોતાના દેશ અને જન્મ અને કર્મભૂમિની ઋણ ચૂકવવાનું ભૂલતા નથી અને ત્યાં રહીને પણ પોતાનું સેવાયજ્ઞ ચાલુ રાખ્યું છે.

જેમાં ગોધરા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પણ હોળી અને ધૂળેટીના પર્વની રંગેચંગે ઉજવણી કરે તે માટે સેવા ઓર્ગેનાઈઝેશન યુ.એસ.એ. તથા ઈન્ડિયાના ફાઉન્ડર ચેરમેન એન.આર.આઈ ડોક્ટર યોગેશ જોષી અને તેમના પત્ની પ્રીતિ જોષી દ્વારા ગોધરામાં વસતા ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે ધાણી ચણા અને ખજૂર નું વિતરણ ગોધરામાં રહેતા પ્રદીપભાઈ સોની રાજેશભાઈ મોદી તથા શિરીષભાઈ મહેતા દ્વારા કરાવ્યું હતું. જેથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પણ હોળી અને ધુળેટી જેવા પર્વને સારી રીતે ઉજવણી કરે તે માટે પોતાના વતન પ્રત્યેનું ઋણ ચૂકવવા માટે અગ્રેસર રહ્યા હતા.જેમાં સેવા ઓર્ગેનાઈઝેશન યુ.એસ.એ તથા ઈન્ડિયાના ફાઉન્ડર ચેરમેન એન.આર.આઈ. ડોક્ટર યોગેશ જોષીના માર્ગદર્શન હેઠળ હોળી ધુળેટીના પવિત્ર તહેવાર નિમિત્તે ગરીબ અને મધ્યમવર્ગના લોકો ગોધરાના પાંજરાપોળ ખાતે ધાણી ચણા અને ખજૂરનું વિતરણ પ્રદીપભાઈ સોની રાજેશભાઈ મોદી અને શિરીષ મહેતા દ્વારા કરાવડાવ્યું હતું. આમ, વિદેશમાં રહીને પણ પોતાના વતન નું ઋણ ચુકવવામાં અગ્રેસર રહે છે. આ સેવાયજ્ઞ કરતા આવ્યા છીએ.

# પંચમહાલ ખાણ ખનિજ વિભાગે કાલોલના અડાદરા, રોપણ અને ઘોઘંબા દેવલીકુવા અને સીમલીયા ગામે ગોમા નદી માંથી રેતી ખનન કરતાં ત્રણ ટ્રેકટરો સાથે ત્રણ ઈસમોને ઝડપ્યા




ગોધરા,

પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા કાલોલ તાલુકા અને ઘોઘંબા તાલુકા માંથી પસાર થતી ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન કરાઈ રહી છે. તેવી બાતમીના આધારે અડદારા, રોપણ, સીમલીયા, દેવલીકુવા પાસે છાપો મારી રેતી ખનન કરતાં ત્રણ ટ્રેકટર સહિત ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પંચમહાલ જીલ્લામાં ખનિજ માફિયાઓ દ્વારા મોટાપ્રમાણમાં ગેરકાયદેસર ખનિજનું ખનન અને વહન કરાતું હોય જેને લઈ જીલ્લા ખાણ ખનિજ વિભાગ રાત–દિવસ ચેકીંગ કરીને ગેરકાયદેસર ખનિજ ચોરી કરતાં અને વહન કરતાં વાહનોને ઝડપી પાડવામાં આવી રહ્યા છે. તેમ છતાં ખનિજ માફિયાઓ યેનકેન પ્રકારે ખનિજ ચોરી કરવામાં સફળ રહેતા હોય છે. ત્યારે જીલ્લા ખાણ ખનિજ વિભાગને મળેલ બાતમીના આધારે કાલોલ તાલુકાના અડાદરા, રોપણ, ઘોઘંબાના સીમલીયા અને દેવલીકુવા ગામે પાસેથી પસાર થતી ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન કરાઈ રહ્યું છે. તેવી બાતમીના આધારે છાપો માર્યો હતો અને રેતી ખનન કરતાં ત્રણ ટ્રેકટરો ૧૫ લાખનો મુદ્દામાલ તેમજ ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. રેતી ખનનમાં ઝડપાયેલ વાહનોને દામાવાવ અને અડદરા પોલીસ સ્ટેશનમાં સીઝ કરી ખાણ ખનિજ વિભાગે દંડનિય કાર્યવાહી હાથ ધરી છે.

# પંચમહાલ એલસીબી પોલીસે એ ડીવીઝનના ચોરીના ગુનાના તેમજ રાજગઢ પોલીસ મથક પ્રોહિબીશન ગુનાના વોન્ટેડને ઝડપી પાડયા



ગોધરા,

પંચમહાલ એલ.સી.બી. પોલીસે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકના ચોરીના ગુનાના વોન્ટેડ અને રાજગઢ પોલીસ મથકના પ્રોહિબીશન ગુનાના વોન્ટેડ મળી બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકના ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી સંજય હરીશચંદ્ર નાગવાણી (રહે. સાંઈદીપ સોસાયટી, વારસીયા રોડ, વડોદરા) અંગે એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, આરોપી તેના ઘરે હાજર છે. તેવી બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો.

જ્યારે એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, રાજગઢ પોલીસ મથકના પ્રોહિબીશન ગુનાનો આરોપી પંકજભાઈ રાયજીભાઈ રાઠવા (રહે. ગોદલી નવા ફળીયા, ઘોઘંબા) નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય આરોપી અંગે એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, તેના ઘરે હાજર છે. તેવી બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો.

# શહેરા તાલુકાના વાઘજીપુર ગામે આરોપી ઈસમોએ અગાઉની અદાવતે ઘરમાં તોડફોડ કરતા ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના વાઘજીપુર ગામે ખોબરી ફળિયા ગામે આરોપીઓની છોકરી ગળેફાંસો ખાઈ મરણ ગયેલ હોય તેની અદાવત રાખીને આરોપીઓ ફરિયાદીના ઘરે આવી ગાળો આપી લાફો મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ઘરમાં તોડફોડ કરીને નુકસાન કરતા આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાના વાઘજીપુર ખોબરી ફળિયા ગામે રહેતા આરોપીઓ પ્રમોદસિંહ સમરસિંહ બારીયા, સમરસિંદ દલાભાઈ બારીયા, અને સુમીત્રાબેન સમરસિંહ બારીયા તેઓની છોકરી જે ગળેફાંસો ખાઈ આપઘાત કરી મરણ ગયેલ હોય તેની અદાવત રાખીને ફરિયાદી વૈશાલીબેન વખતસિંહ બારીયાના ઘરે આવ્યા અને ગાળો આપી લાફો મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી તેમજ આરોપીઓએ ઘરમાં ધુસી જઈ બારી–બારણા તથા સરસામાનની તોડફોડ કરી નુકસાન કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવવા પામી છે.

# ગોધરાના રણછોડપુરા ગામના ૩૧ વર્ષિય યુવાને નાથકુવા ગામની સીમમાં ઝાડ ઉપર ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

ગોધરા,

ગોધરા તાલુકાની રણછોડપુરા ગામના ૩૨ વર્ષિય યુવાન અસ્થિર મગજને લઈ ઘરેથી નીકળી ગયેલ હતો અને ૨૧ માર્ચના રોજ નાથકુવા ગામની સીમમાં આવેલ ખેતરમાં લીમડાના ઝાડ પર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના રણછોડપુરા ગામમાં રહેતા વિક્રમભાઈ અંદરભાઈ ચૌહાણ(ઉ.વ.૩૧)અસ્થિર મગજના કારણે ઘરેથી નીકળી ગયા હતા. અને ઘોઘંબા તાલુકાના નાથકુવા ગામની સીમમાં કનુભાઈ પટેલના ખેતરમાં કોઈ અગમ્ય કારણોસર લીમડાના ઝાડ પર ગળેફાંસો ખાઈ આપઘાત કરી મરણ જતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ઘોઘંબાના રીંછવાણી ગામેથી ૨૭ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રીંછવાણી અલબેરા વીરસીંગ ફળિયામાં આરોપીઓ પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ વ્હિસ્કિ કવાટરીયા નંગ–૧૩૮ કિ.રૂ.૨૭,૧૬૮/–નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ઘોઘંબા તાલુકાના રીંછવાણી અલબેરા વીરસીંગ ફળિયામાં રહેતા રંગીતભાઈ ભવનાભાઈ પટેલિયા પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે તેવી બાતમીના આધારે દામાવાવ પોલીસે રેઈડ કરી મીણીયા થેલી તથા કાપડની થેલીમાંથી ઈંગ્લીશ દારૂ બિયર ટીન અને પ્લાસ્ટિક કવાટરીયા નંગ–૧૩૮ કિ.રૂ.૨૭,૧૬૮/–નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન આરોપી ઘરમાં મળી આવ્યો ન હતો. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# શહેરાના ધામણોદ ગામના ૨૯ વર્ષિય યુવાને અગમ્ય કારણોસર તળાવમાં પડી મરણ જતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના ધામણોદ ભગત ફળિયામાં રહેતા ૨૯ વર્ષિય યુવાને કોઈ અગમ્ય કારણોસર ગામના વાઘજીપુર ગામ તરફના ભાગ બાજુ તળાવના પાણીમાં ડુબી જઈ મરણ ગયેલ હોય આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાના ધામણોદ ગામે રહેતા અલ્પેશભાઈ ઓરછવભાઈ બારીયા(ઉ.વ.૨૯)જે ૧૯ માર્ચના રોજ પોતાના ઘરેથી કોઈ કારણોસર નીકળેલ હોય અને ધામણોદ તળાવના વાઘજીપુર ગામ તરફના આવેલ બાજુના તળાવના પાણીમાં ડુબી જઈ મરણ જતાં આ બાબતે શહેરા તાલુકા પોલીસ મથકે અકસ્માત અન્વયે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ઘોઘંબાના ગોયાસુંડલ ગામની ૩૬ વર્ષિય મહિલાએ ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગોયાસુંડલ ગામે રહેતી ૩૬ વર્ષિય મહિલાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી પદાર્થ પી જતાં સારવાર અર્થે ગોધરા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા સારવાર દરમિયાન મોત નીપજયું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર ઘોઘંબા તાલુકાના ગોયાસુંડલ ગામે રહેતી હંસાબેન બળવંતસિંહ ચૌહાણ(ઉ.વ.૩૬)એ કોઈ અગમ્ય કારણોસર ૧૮ માર્ચના રોજ પોતાના ઘરમાં ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન માટે ગોધરા સુર્યોદય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં દવા સારવાર દરમિયાન ૨૧ માર્ચના રોજ મરણ જતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ગુજરાતમાં રજાના દિવસે પણ દસ્તાવેજની નોંધણી થઈ શકશે

ગાંધીનગર,

નાણાંકીય વર્ષના અંતમાં સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોઈ સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં શુક્રવારે જાહેર રજાનાં દિવસે પણ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

હાલ રાજ્યમાં નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધુ રહેતી હોઈ રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં જાહેર રજાનાં દિવસે રાજ્યની તમામ સબ-રજીસ્ટ્રાર કચેરીઓ ચાલુ રાખવોનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્યની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં નાણાકીય વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોય જાહેર હિતને ધ્યાનમાં રાખી તા.૨૯/૦૩/૨૦૨૪ને શુક્રવારને જાહેર રજાના દિવસે રાજ્યની તમામ ૨૯૪ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રાખવા નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં તા.૨૯/૦૩/૨૦૨૪ ના રોજ નિયમિત દિવસના જેમ જ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવીને દસ્તાવેજ નોંધણી કરાવી શકાશે.

# ગોધરાના આંગળીયા ગામે પેટા આરોગ્ય કેન્દ્ર ફાળવવાની માંગ

ગોધરા,

ગોધરા તાલુકાના આંતરિયાળ વિસ્તારમાં આવેલા આંગળીયા ગામના રહિશો દ્વારા પેટા આરોગ્ય કેન્દ્રની માંગ કરી રહ્યા છે. વર્ષ–૨૦૧૬થી ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ કરી આરોગ્ય સેવા માટે પેટા કેન્દ્ર ફાળવણી કરવાની રજુઆત બાદ માંગણી પુર્ણ નહિ થતાં હવે ચુંટણીમાં સામુહિક મતદાન બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી રહ્યા છે. ઉલ્લેખનિય છે કે, આ ગામનો જે આરોગ્ય કેન્દ્રમાં સમાવેશ કરાયો છે જે દુર અને અવર જવરની યોગ્ય સુવિધા વિહોણા હોવાથી નાછુટકે જરૂરિયાતમંદો ખાનગી દવાખાનાઓનો સહારો લઈ રહ્યા છે.ગોધરા તાલુકામાં આવેલુ આંગળીયા ગામ અંદાજિત ચાર હજારથી વધુ વસ્તી ધરાવે છે અહિં મોટાભાગે શ્રમજીવી પરિવારો વસવાટ કરે છે. છુટા છવાયા મકાન ધરાવતા આ ગામમાં વસ્તીના ધોરણે આજદિન સુધી પેટા આરોગ્ય કેન્દ્ર ફાળવવામાં આવ્યુ નથી. હાલ આ ગામનુ જોડાણ ભામૈયા આરોગ્ય કેન્દ્રમાં છે જે અંદાજિત અહિંથી ૨૦ કિ.મી.દુર છે. વળી અવર જવર માટે સાધન સુવિધાની અગવડતાનો સામનો કરવો પડતો હોય છે. ૫ કિ.મી.દુર આવેલા સાંકલીઆંટા ગામમાં આવેલુ છે. જયાં પણ આરોગ્યનો સ્ટાફ સિમીત સંખ્યામાં છે. સાથે આ ગામ પણ ત્રણ હજારથી વધુ વસ્તી ધરાવે છે જેથી સ્ટાફને પણ એક સાથે બંને ગામમાં આરોગ્યલક્ષી સેવા પુરી પાડવામાં તકલીફ પડતી હોય છે. આ સમગ્ર બાબતને દયાનમાં લઈને ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા વર્ષ–૨૦૧૬માં ગ્રામ સભામાં ઠરાવ કરી સરકારના સંલગ્ન વિભાગ સુધી પેટા આરોગ્ય કેન્દ્ર ફાળવવા માંગણી કરવામાં આવી નથી. તેમ છતાં આજદિન સુધી આ બાબતને દયાનમાં લેવામાં નહિ આવતા ગ્રામજનો હવે પોતાની માંગણે મુદ્દે મકકમ બન્યા છે. અને પેટા આરોગ્ય કેન્દ્ર નહિ તો મતદાન નહિ તેવી ચિમકી ઉચ્ચારી રહ્યા છે.